RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૭૯ ફાગણ વદ-૩   ગુરૂવાર, તા.૨૮-૦૩-૨૦૨૪   અંક : ૧૩૪ વર્ષ : ૨૧   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# મારી પાસે ચૂંટણી લડવા પૈસા નથી: સીતારમણ

## મને આંધ્રપ્રદેશ અથવા તમિલનાડુમાંથી ચૂંટણી લડવાની ઓફર મળી હતી, પરંતુ મેં ના પાડી દીધી

નવીદિલ્હી,

ટીવી ચેનલ ટાઈમ્સ નાઉ સમિટમાં તેમણે કહ્યું કે તેમની પાસે ચૂંટણી લડવા માટે પૈસા નથી. નાણામંત્રી નિર્મલા સીતારમણેકહ્યું કે તેઓ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી નહી લડે.

સીતારમણે કહ્યું- પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાએ મને લોકસભા ચૂંટણી લડવા વિશે પૂછ્યું હતું. તેમણે આંધ્રપ્રદેશ અથવા તામિલનાડુમાંથી ચૂંટણી લડવાની ઓફર કરી હતી. જો કે, આ અંગે વિચારીને મેં ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો.નિર્મલા સીતારમણે કહ્યું, 'એક અઠવાડિયા કે દસ દિવસ સુધી વિચાર્યા પછી મેં જવાબ આપ્યો... ના. મારી પાસે ચૂંટણી લડવા માટે એટલા પૈસા નથી. મને પણ સમસ્યા છે કે આંધ્રપ્રદેશ કે તમિલનાડુ જીતવા માટે અલગ અલગ માપદંડોનો પ્રશ્ન પણ છે... તમે આ સમુદાયના છો કે તમે તે ધર્મના છો? હું ખૂબ જ આભારી છું કે તેઓએ મારી દલીલો



સ્વીકારી... તેથી હું ચૂંટણી લડી રહી નથી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે દેશના નાણામંત્રી પાસે પણ લોકસભાની ચૂંટણી લડવા માટે પૂરતા પૈસા કેમ નથી, તો તેમણે કહ્યું કે ભારતનું કોન્સોલિડેટેડ ફંડ તેમનું પોતાનું નથી. તેમણે કહ્યું, 'મારો પગાર, મારી કમાણી, મારી બચત મારી છે, પરંતુ ભારતનું કોન્સોલિડેટેડ ફંડ મારું નથી.નિર્મલા સીતારમણ હાલમાં કર્ણાટકમાંથી રાજ્યસભાના સાંસદ છે.

# પહેલી વાર મહિલા કેરગિવર ઈકોનોમી પર શ્વેતપત્ર તૈયાર

## ૧૯ કરોડ ગૃહિણીને પેઇડ વર્કફોર્સમાં લવાશે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકાર મહિલાઓના નેતૃત્વ હેઠળનું અર્થતંત્ર તૈયાર કરવા માટે રોડમેપ બનાવી રહી છે.

વર્કફોર્સમાં મહિલાઓની ભૂમિકાને લઈને તૈયાર શ્વેતપત્ર અનુસાર દેશમાં ૪૭ કરોડ વયસ્ક મહિલાઓમાંથી ૨૦% મહિલાઓ વર્કફોર્સમાં છે અને ૮૦% મહિલાઓનું યોગદાન અનપેઈડ કેરગિવર તરીકે છે. એટલે તેઓ ઘરમાં વેતન વગર સંભાળમાં સક્રિય છે. સરકારનો પ્રયાસ છે કે આ ૮૦%( ૩૭ કરોડ)માંથી ૫૦% મહિલાઓને વર્કફોર્સમાં સામેલ કરાય, જેથી જીડીપીમાં ૧૨-૧૪%ની વૃદ્ધિ થઇ શકે.

શ્વેતપત્ર તૈયાર કરવામાં અગ્રણી ભૂમિકા નિભાવનારા ફિક્કી લેડિઝ ઑર્ગેનાઈઝેશનનાં પ્રમુખ સુધા શિવકુમારે ભાસ્કરને જણાવ્યું કે અનપેઈડ કેરગિવરને સ્થાને સ્કિલ્ડ કેરગિવરને લવાશે. તેનાથી વર્કફોર્સમાં પ્રોફેશનલ મહિલાઓનું યોગદાન વધશે. ભારતમાં અનપેઈડ કેરવર્ક કુલ જીડીપીના ૧૫% છે. ભારતમાં જીડીપીના ૨% કેર ઈકોનોમી પર ખર્ચાય તો રોજગારીની ૧.૧૦ કરોડ તકનું સર્જન થશે.

શ્વેતપત્ર અનુસાર, ભારત સહિત વિશ્વભરમાં ત્રણ ચતુર્થાંશ એટલે કે ૬૦.૬૦ કરોડ મહિલા અનપેઈડ કેરવર્કમાં છે. આથી તેઓ રોજગાર માટે સમય આપી શકતી નથી. ભારતમાં આવી ૩૭ કરોડ મહિલા છે. વિશ્વમાં અનપેઈડ કેરવર્ક કુલ જીડીપીના ૯% છે. ભારતમાં પેઈડ-અનપેઈડ મહિલા કેરગિવરનું અર્થતંત્રમાં યોગદાન ૧૫% છે. જો તેમને શીખવવામાં આવે તો અર્થતંત્રમાં એટલું જ યોગદાન થશે.

### વિકસિત દેશોમાં સ્કિલ્ડ કેરગિવરનો ટ્રેન્ડ

ફિક્કીના રિપોર્ટ અનુસાર વિકસિત દેશોમાં અનપેઈડ કેરગિવર મહિલાઓને સ્થાને સ્કિલ્ડ કેરગિવરને રાખવાનો ટ્રેન્ડ છે. અમેરિકા, જાપાન, ફ્રાન્સ, ઈટલી, સ્પેન જેવા દેશોમાં ૮૦% મહિલાઓનું અર્થતંત્રમાં યોગદાન છે.

# દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ થશે?

## લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ સ્પષ્ટ કર્યું કે સરકાર જેલમાંથી નહીં ચાલે

નવીદિલ્હી,

દિલ્હીના કથિત દારૂ કૌભાંડમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ઈંઢ રિમાન્ડ પર છે. ઈઢના રિમાન્ડ બાદ કેજરીવાલે બે સરકારી આદેશો પણ જારી કર્યા છે. આ દરમિયાન લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ સ્પષ્ટ કર્યું કે સરકાર જેલમાંથી નહીં ચાલે.દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જેલમાંથી સરકાર ચલાવી શકશે? આ અંગેની ચર્ચા ઘણા દિવસોથી ચાલી રહી છે. આ દરમિયાન દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાના નિવેદનથી વધુ એક નવી ચર્ચા શરૂ થઈ છે. દિલ્હીના એલજી વીકે સક્સેનાએ બુધવારે સ્પષ્ટ કર્યું કે જેલમાંથી સરકાર ચલાવી શકાય નહીં. એક ન્યૂઝ ચેનલના કાર્યક્રમમાં સક્સેનાએ કહ્યું, 'હું દિલ્હીના લોકોને ખાતરી આપવા માંગુ છું કે સરકારને જેલમાંથી ચલાવવામાં નહીં આવે.'

એલજી સક્સેનાની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે સીએમ કેજરીવાલે હાલમાં જ ED કસ્ટડીમાંથી બે સરકારી આદેશ જારી કર્યા છે. કેજરીવાલે રવિવારે ED કસ્ટડીમાંથી પહેલો આદેશ જારી કર્યો હતો. જેમાં તેમણે દિલ્હીના કેટલાક વિસ્તારોમાં પાણી અને ગટર સંબંધિત સમસ્યાઓના નિરાકરણ માટે જળ મંત્રી આતિશીને સૂચના આપી હતી. આ પછી, મંગળવારે તેમણે બીજો આદેશ જારી કર્યો, જેમાં આરોગ્ય પ્રધાન સૌરભ ભારદ્વાજને દિલ્હીની સરકારી હોસ્પિટલો અને મોહલ્લા ક્લિનિક્સમાં દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા કહેવામાં આવ્યું હતું.

આવી સ્થિતિમાં એલજી સક્સેનાની 'જેલમાંથી સરકાર નહીં ચાલે'ની ટિપ્પણીથી નવી રાજકીય હલચલ શરૂ થઈ ગઈ છે. સીએમ અરવિંદ કેજરીવાલની ૨૧ માર્ચે દિલ્હીના કથિત દારૂ કૌભાંડમાં ઈઢ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

# અરૂણાચલમાં CM ખાંડુ સહિત ભાજપના પાંચ ઉમેદવારો બિનહરીફ

## ૬૦ બેઠકોની વિધાનસભામાં પાંચ બેઠકો પર સિંગલ ફોર્મ : તા.૩૦ના 'પરિણામ' જાહેર કરી દેવાશે

ઈટાનગર

લોકસભા ચૂંટણી સાથે હિમાચલ વિધાનસભાની યોજાઈ રહેલી ચુંટણીમાં ભાજપ માટે સારા સમાચાર છે. રાજયની ૬૦ ધારાસભા બેઠકો માટે ઉમેદવારીની અંતિમ તારીખ ગઈકાલે હતી તે સમયે મુખ્યમંત્રી પેમા ખોડું સહિતની પાંચ બેઠકો પર ભાજપ સિવાય કોઈએ ઉમેદવારી નહી કરતા આ તમામ બેઠકો પર બિનહરીફ ચુંટાઈ આવશે.

આ અંગે ચુંટણી અધિકારીએ કહ્યું કે, હવે તા.૩૦ માર્ચ સુધી ઉમેદવારી પાછી ખેંચાઈ શકે છે અને આ તમામ પાંચ બેઠકો પરના ઉમેદવારી ફોર્મ માન્ય ઠરે તો તેમને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવશે. રાજયની ૬૦ બેઠકો પર કુલ ૧૯૭ ઉમેદવાર મેદાનમાં છે પણ આ પાંચ બેઠક પર સિંગલ ફોર્મ જ ભરાયા છે જેમાં મુખ્યમંત્રી પેમા ખોડું નાયબ મુખ્યમંત્રી ચાઉના મીન અને પક્ષના અન્ય ત્રણ ઉમેદવારો છે. આ રીતે ભાજપને ૨૦૨૪ની ચુંટણીમાં પ્રથમ સફળતા મળશે.

# શેરબજારમાં લાગુ થઇ T+0 સેટલમેન્ટ સિસ્ટમ

## જે દિવસે શેર વેંચશો એ જ દિવસે મળશે પૈસા : BSE-NSE એ જારી કરી પાત્ર ૨૫ શેરોની યાદી

મુંબઈ

શેરબજારમાં શેરની ખરીદી અને વેચાણ સંબંધિત નવી સિસ્ટમ આજથી લાગુ થવા જઈ રહી છે. બોમ્બેર સ્ટોક એક્સચેન્જ (BSE)એ આવી કંપનીઓની યાદી જાહેર કરી છે. જેમાં આજથી આ સિસ્ટમ લાગુ થશે.

માર્કેટ રેગ્યુલિટર કમિટીએ જણાવ્યું છે કે શેરબજારમાં આ સિસ્ટોમ બે તબક્કામાં લાગુ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં, T+0 સેટલમેન્ટે સિસ્ટમ ટ્રેડ્સ માટે બપોરે ૧.૩૦ વાગ્યા સુધી શરૂ કરવામાં આવશે. જેમાં સાંજે સાડા ચાર વાગ્યા સુધીમાં પૈસા અને શેરના સેટલમેન્ટની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. બીજા તબક્કામાં ઝડપી નિકાલનો વિકલ્પ પણ ઉપલબ્ધલ થશે. જેમાં ફંડ અને સિક્યોટરિટીઝ બંનેનું ટ્રેડ ટુ ટ્રેડ સેટલમેન્ટુ કરવામાં આવશે.

આજથી શેરની ખરીદી અને વેચાણ માટે ચૂકવણીની સિસ્ટલમ બદલાઈ રહી છે. BSE એ આજથી શરૂ થતા T+0 સેટલમેન્ટ સાયકલ માટે ૨૫ શેરોની યાદી બહાર પાડી છે. બીએસઈએ જણાવ્યું હતું કે સેબીએ આ મહિનાની શરૂઆતમાં વૈકલ્પિવક ધોરણે T+0 ટ્રેડ સેટલમેન્ટ સાયકલના બીટા વર્ઝન




માટે ફ્રેમવર્ક રજૂ કર્યા પછી તેણે આ પગલું ભર્યું છે. T+0 સેટલમેન્ટી સાયકલ માટે લાયક શેર્સમાં અંબુજા સિમેન્ટ, અશોક લેલેન્ડ, બજાજ ઓટો, બેન્ક ઓફ બરોડા અને BPCL વગેરેનો સમાવેશ થાય છે.

અહેવાલ છે કે T+0 સેટલમેન્ટ સાયકલ એક્સ્ચેન્જો પર વૈકલ્પિ ક ધોરણે લાઈવ થશે. અત્યારરે આ સિસ્ટામ વિકલ્પં તરીકે રજૂ કરવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં, T+1 સેટલમેન્ટસ ચાલુ રહેશે.T+0 સેટલમેન્ટ ના બીટા વર્ઝન પછી ઈન્ટ્રકિન્ટસ સેટલમેન્ટને સંપૂર્ણ રીતે લાગુ કરવામાં સમય લાગશે. સેબીના જણાવ્યાય અનુસાર આવતા વર્ષે માર્ચ સુધીમાં તેનો સંપૂર્ણ અમલ થઈ જશે. સેબીએ ૨૧ માર્ચે T+0 સેટલમેન્ટી સિસ્ટામના બીટા વર્ઝન માટે ફ્રેમવર્ક બહાર પાડ્યું હતું. હાલમાં ભારતીય શેરબજાર તમામ શેરો માટે T+1 સેટલમેન્ટધ ચક્ર પર કામ કરે છે.

# કોલકાતા એરપોર્ટ પર મોટી દુર્ઘટના ટળી : એર ઈન્ડિયા અને ઈન્ડિગોના વિમાન વચ્ચે ટક્કર

## વિમાનની પાંખ તૂટી, DGCAએ ઈન્ડિગોના બંને પાઈલટને હટાવ્યા

કોલકાતા

કોલકાતા એરપોર્ટ પર બુધવારે રનવે પર પાર્ક કરેલા એર ઈન્ડિયાના વિમાન સાથે ઈન્ડિગોની ફ્લાઈટ અથડાઈ હતી. આ ટક્કરમાં બંને વિમાનોને નુકસાન થયું છે. એર ઈન્ડિયાની ફ્લાઈટની પાંખનો એક ભાગ તૂટી ગયો હતો. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન એ આ ઘટના અંગે તપાસના આદેશ આપ્યા છે. તેમજ ઈન્ડિગોના પાઈલટ અને કો-પાઈલટ બંનેને ડ્યુટી પરથી હટાવી દેવામાં આવ્યા છે.

DGCAના અધિકારીએ જણાવ્યું કે આ ઘટના ઈન્ડિગોની A320 VT-ISS ફ્લાઈટ અને એર ઈન્ડિયા એક્સપ્રેસ 737 VT-TGG વચ્ચે બની હતી. એર ઈન્ડિયાનું વિમાન ચેન્નાઈ માટે ટેકઓફ થવાનું હતું અને રનવે પર પહોંચવાની રાહ જોઈ રહ્યું હતું. તે દરમિયાન ઈન્ડિગોની ફ્લાઈટ રનવે પર આવી અને એર ઈન્ડિયાના પ્લેન સાથે અથડાઈ હતી. જેના કારણે વિમાનની પાંખને નુકસાન થયું હતું.અધિકારીએ જણાવ્યું કે, "અમે આ મામલે તપાસનો આદેશ આપ્યો છે અને ઈન્ડિગો એરલાઈન્સના બંને પાઈલટને ઓફ-રોસ્ટર કરવામાં આવ્યા છે.

# મનરેગાના મજૂરી દરમાં ૩થી ૧૦ ટકાનો વધારો

## લોકસભા ચૂંટણી પહેલા મોદી સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) હેઠળ કામ કરનારા મજૂરોને ભેટ આપી છે. સરકારે મનરેગા મજૂરી દરમાં ૩થી ૧૦ ટકાનો વધારો કર્યો છે. મનરેગાના વેતનમાં વધરાનું ગુરૂવારે નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. લોકસભા ચૂંટણી પહેલા વધારવામાં આવેલા મજૂરી દર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે છે. મનરેગા મજૂરો માટે નવા વેતન દર ૧ એપ્રિલ,૨૦૨૪થી લાગુ થશે.

મનરેગા મજૂરીમાં થયેલો વધારો ચાલુ નાણાંકીય વર્ષ માટે કરવામાં આવેલા વધારાના સમાન જ છે. નોટિફિકેશન અનુસાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ૨૦૨૩-૨૪ની તુલનામાં ૨૦૨૪-૨૫ માટે મજૂરી દરમાં સૌથી ઓછા ૩ ટકાનો વધારો થયો છે. ગોવામાં સૌથી વધુ મજૂરી વધારવામાં આવી છે. અહીં મનરેગાની મજૂરી દરમાં ૧૦.૬ ટકાનો વધારો થયો છે. સરકાર તરફથી દરમાં એવા સમયે વધારો કરવામાં આવ્યો છે જ્યારે પશ્ચિમ બંગાળ જેવા રાજ્યમાંથી ફંડ રોકવા પર વિવાદ ચાલી રહ્યો હતો.આંધ્ર પ્રદેશમાં ૩૦૦, અરૂણાચલ પ્રદેશમાં ૨૩૪, આસામમાં ૨૪૯, બિહારમાં ૨૪૫, છત્તીસગઢમાં ૨૪૩ અને ગુજરાતમાં ૨૮૦ રૂપિયા મનરેગાનું વેતન કરવામાં આવ્યું છે.

# તમિલનાડુના સાંસદ ગણેશમૂર્તિનું અવસાન

## લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ટિકિટ ન મળવાને કારણે તેઓ ડિપ્રેશનમાં હતા

તામિલનાડુ,

તામિલનાડુના સાંસદ ગણેશમૂર્તિ, જેમણે થોડા દિવસો પહેલા આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, તેમનું સવારે ૫ વાગ્યે હાર્ટ એટેકથી નિધન થયું હતું. એવું કહેવાય છે કે લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ટિકિટ ન મળવાને કારણે તેઓ ડિપ્રેશનમાં હતા. જેના કારણે તેમણે આ પગલું ભર્યું હતું. ગણેશમૂર્તિને રવિવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં



આવ્યા હતા. તબીબોએ તેની હાલત ગંભીર ગણાવી હતી.

પીટીઆઈને જણાવ્યું હતું કે ગણેશમૂર્તિએ રવિવારે સવારે ૯.૩૦ વાગ્યે બેચેનીની ફરિયાદ કરી હતી. તેમના પરિવારજનો દ્વારા તેમને તમિલનાડુના ઈરોડની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમનેં ઝેમાં દાખલ કરવામાં આવ્યા હતા અને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. એક અહેવાલ અનુસાર, તેમના પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે સાંસદે જંતુનાશક સલ્ફાસ ઝેરનું સેવન કર્યું હતું.

# SBIના કરોડો ગ્રાહકોને ૧ એપ્રિલથી ચુકવવા પડશે વધારાના ૭૫ રૂપિયા

## કેટલાક ડેબિટ કાર્ડમાં ચાર્જમાં કર્યો વધારો

મુંબઈ

જો તમારું પણ દેશની સૌથી મોટી બેંક 'SBI'માં ખાતું છે. તેથી હવે તમારે બેંકની આ સેવા માટે પહેલા કરતા ૭૫ રૂપિયા વધારાના ખર્ચવા પડશે. આ નવા શુલ્ક આગામી નાણાકીય વર્ષ એટલે કે ૧ એપ્રિલ ૨૦૨૪થી લાગુ થવા જઈ રહ્યા છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) એ દેશના ૪૦ કરોડથી વધુ લોકોને મોટો ઝટકો આપ્યો છે. સામાન્ય જનતાને હવે SBIની આ એક સેવાનો ઉપયોગ કરવા માટે પહેલા કરતા ૭૫ રૂપિયા વધુ ખર્ચવા પડશે. નવા શુલ્ક ૧ એપ્રિલ, ૨૦૨૪થી લાગુ કરવામાં આવશે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) એ જાહેરાત કરી છે કે, તેના કેટલાક પસંદ કરેલા છ્સ કમ ડેબિટ કાર્ડ્સ પર વાર્ષિક મેઈન્ટેનન્સ ચાર્જ હવે પહેલા કરતા ૭૫ રૂપિયા વધુ હશે. મતલબ કે બેંકના કેટલાક ડેબિટ કાર્ડ રાખવા હવે પહેલા કરતા વધુ ખર્ચ થશે.

# માફિયા બલ્લી પંડિત ઝડપાયો


નવીદિલ્હી,

ઉત્તર પ્રદેશના પ્રખ્યાત માફિયા અતીક અહેમદની હત્યા કરવામાં આવી છે. જોકે, પોલીસ તેના સાગરિતોને પકડવા સતત પ્રયાસ કરી રહી છે. આ ક્રમમાં પ્રયાગરાજ કમિશનરેટ પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે માફિયા અતીક અહેમદની પત્ની શાઈસ્તા પરવીનના ખાસ ગુનેગાર બલ્લી પંડિતની ધરપકડ કરી છે. ચાકિયામાં બલ્લી પંડિત બોમ્બ સાથે મોટો ગુનો કરવાનો પ્લાન બનાવી રહ્યો હતો ત્યારે પોલીસે તેની ધરપકડ



કરી હતી. પોલીસને શાઈસ્તા પરવીનના આ ખાસ પાસેથી બેગમાંથી ૧૦ જીવતા બોમ્બ પણ મળી આવ્યા છે. પોલીસ બલ્લી પંડિતની પૂછપરછ કરી રહી છે જેના કારણે ઘણા મોટા ખુલાસા થવાની શક્યતા છે. પ્રયાગરાજના ધુમાન ગંજના નીવા વિસ્તારનો રહેવાસી સુધાંશુ ઉર્ફે બલ્લી પંડિત રીઢો ગુનેગાર છે. તેની ઉપર પ્રયાગરાજના ઘણા પોલીસ સ્ટેશનોમાં હત્યા, હત્યાનો પ્રયાસ, ખંડણી, અપહરણ, હિંસા સહિતના ૧૪ ગંભીર કેસ નોંધાયેલા છે. બલ્લી પંડિત હંમેશા શસ્ત્રોથી સજ્જ હોય છે. અતીક અહેમદ જેલમાં ગયા પછી, બલ્લી અતીકની પત્ની શાઈસ્તા પરવીનના સંપર્કમાં રહ્યો અને પોતે જઈને વસૂલાતની રકમ વસૂલતો હતો.

# ૨ દિવસ ગરમીમાં શેકાવા તૈયાર રહેજો



## મોટાભાગના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની નજીક

અમદાવાદ

આગામી ૨ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલા જિલ્લાઓમાં હવામાન વિભાગ દ્વારા હીટવેવની આગાહી સાથે યલો અલર્ટ આપવામાં આવ્યું છે. ગુજરાતવાસીઓને ગરમીમાં શેકાવુ પડશે. હજુ તો માર્ચ મહિનામાં જ આ સ્થિતિ છે તો આગામી એપ્રિલ અને મે મહિનામાં ગુજરાતવાસીઓ ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠશે.

ગુજરાતભરમાં હાલ ભુક્કા બોલાવી દે તેવી ગરમીની શરૂઆત થઈ ચૂકી છે. જ્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના મોટાભાગના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની નજીક રહ્યું હતું. કેટલાક જિલ્લાઓમાં તો ૪૦ ડિગ્રીથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદ શહેરમાં પણ બફારા સાથે ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યો હતો.

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસને લઈને આગાહી કરવામાં આવી છે કે, આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યભરમાં સૂકુ વાતાવરણ રહેશે. સાથે જ ગરમ પવનો ફૂંકાવાને કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ ભેજયુક્ત વાતાવરણ રહેશે. જેને કારણે ડિસ્કમ્ફર્ટ એટલે કે બફારાની સ્થિતિ રહેશે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી ત્રણ દિવસ દરમિયાન હીટવેવની શક્યતા છે.

# સુરત : ઈડીએ માથાભારે સજ્જુની મિલકતોને લીધી ટાંચમાં

### ગુનાખોરીથી સજ્જુએ ૪.૨૯ કરોડની મિલકત ભેગી કરી હતી

સુરત

સુરતમાં માથાભારે સાજિદ ઉર્ફે સજ્જુ કોઠારી ગુલામ મોહમ્મદ કોઠારી, અલ્લારખા ગુલામ મુસ્તફા શેખ અને તેના પરિવારની અંદાજે રૂપિયા ૪.૨૯ કરોડની સંપત્તિ ઈડીએ ટાંચમાં લીધી છે. ઈડીએ મની લોન્ડરીંગ હેઠળ કાર્યવાહી કરી છે. સુરત પોલીસે સજ્જુ કોઠારી વિરુદ્ધ ખંડણી, હત્યા, અપહરણ, રમખાણો, લૂંટ, જુગાર ૬ કેસ નોંધ્યા હતા. આ કેસોના આધારે ઈડીએ સજ્જુ કોઠારી વિરુદ્ધ તપાસ શરૂ કરી હતી.

ઈડીની તપાસમાં સામે આવ્યું હતું કે ગુનાખોરીથી સજ્જુએ ૪.૨૯ કરોડની મિલકત ભેગી કરી હતી. સજ્જુએ પોતાના તથા પોતાના પરિવારના સભ્યોના નામ પર ૩૧ સ્થાવર મિલકત ઉભી કરી હતી. આ તમામ મિલકતો ઈડી દ્વારા જપ્ત કરવામાં આવી છે. વધુ તપાસ ચાલી રહી છે.

માથાભારે સજ્જુ કોઠારીનો સુરતમાં ખૂબ આતંક હતો. તે પોલીસના ઉચ્ચ અધિકારીઓને પણ મારવાની ધમકી આપતો હતો. બે વર્ષ પહેલાં ૨૬ માર્ચ ૨૦૨૨ના રોજ સજ્જુ કોઠારીને તેના જ ઘરમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. કોઠારીએ નાનપુરાના જમરુખ ગલીના ઘરમાં સિક્રેટ રૂમ બનાવ્યો હતો. તે રૂમમાંથી પોલીસે તેને પકડ્યો હતો.

# NDPSના કેસમાં ગુજરાતના પૂર્વ IPS સંજીવ ભટ્ટ ૨૮ વર્ષ બાદ દોષિત જાહેર

### ૩૦ એપ્રિલ, ૧૯૯૬માં એક કેસ દાખલ કરાયો હતો

અમદાવાદ,

ગુજરાતના પૂર્વ IPS અધિકારી સંજીવ ભટ્ટને પાલનપુરના ૧૯૯૬ના NDPS કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. તેમને ૨૭ માર્ચે પાલનપુર સેશન્સ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યાં હતા. આ કેસમાં ૨૮ વર્ષ બાદ આજે કોર્ટે તેમને દોષિત જાહેર કર્યા છે.

૩૦ એપ્રિલ, ૧૯૯૬માં એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં પાલનપુરની લાજવંતી હોટેલમાં સુમેરસિંહ રાજપુરોહિત અફીણનો જથ્થો લઈ આવનાર છે તેવી બાતમીના પગલે પોલીસે રેડ કરી એક કિલો ૧૫ ગ્રામ અફીણ કબજે કર્યું હતું. પાલનપુરની આ હોટલના રૂમમાં અફીણનો જથ્થો મુકાવી રાજસ્થાન પાલીના એક વકીલને ખોટા કેસમાં ફસાવી દેવાના કેસમાં ધરપકડ કરી હતી. CID ક્રાઈમે ૨૦૧૮માં પૂર્વ IPS સંજીવ ભટ્ટઅને તેમની સાથે પાલનપુરના તત્કાલીન PI વ્યાસની પણ ધરપકડ કરી હતી.

# ૭૫૬ ફ્લાઈંગ સ્કવોર્ડ્સ દ્વારા અત્યાર સુધીમાં કુલ રૂ.૪૨.૬૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી

ગાંધીનગર,

ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની ૦૫ બેઠકો પર પેટાચૂંટણી યોજવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા તમામ તૈયારીઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. રાજ્યમાં આચારસંહિતા ભંગ તેમજ ચૂંટણી ખર્ચ પર દેખરેખ માટે કંટ્રોલરૂમ શરૂ કરી દેવાયા છે. મતદારોને EPIC કાર્ડ સમયસર મળી જાય તે માટે જરૂરી સુચનાઓ આપી દેવામાં આવી છે. તેમજ કોઈપણ મતદારને મત આપવા માટે સમસ્યા ન સર્જાય તે માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશો આપી દેવામાં આવ્યા છે. નવા ઓળખકાર્ડ-EPIC માટે અરજી કરનારા મતદારોને સમયસર EPIC કાર્ડ મળી જાય તેની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત




કરવામાં આવી છે એમ જણાવતાં મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ ઉમેર્યું હતું કે, EPIC કાર્ડ ન હોય તો પણ ચૂંટણી પંચ દ્વારા માન્ય કરાયેલા અન્ય ૧૨ દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજને આધારે મતદાન કરી શકાશે. પરંતુ, આ માટે મતદાર યાદીમાં નામ હોવું અનિવાર્ય છે. આથી, તેમણે તમામ નાગરિકોને મતદાર યાદીમાં પોતાનું નામ ચકાસી લેવા અનુરોધ કર્યો હતો. તા.૧૬/૦૩/૨૦૨૪થી અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાં નિયમાનુસારની કાર્યવાહી કરીને સરકારી મિલકતો પરથી કુલ ૧,૬૦,૭૧૮ તથા ખાનગી મિલકતો પરથી કુલ ૫૮,૬૯૭ રાજકીય પ્રચાર અર્થેના પોસ્ટર-બેનરો તથા પ્રચાર-પ્રસાર સંબંધી જાહેરાતો દૂર કરવામાં આવી છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-135(C) હેઠળ મતદાન વિસ્તારમાં મતદાન પૂરૂ થવાના નિર્ધારિત કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમિયાન દારૂ કે તેના જેવા નશાકારક પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# જુ. ક્લાર્ક ભરતી પરીક્ષા માટે કોલ લેટર જાહેર

### ૧ એપ્રિલથી ૮ મે ૨૦૨૪ ૪ શિફ્ટમાં પરીક્ષા આયોજિત કરાશે

અમદાવાદ

ગુજરાત જૂનિયર ક્લાર્ક ભરતી પરીક્ષા માટે કોલ લેટર જાહેર કરી દેવાયા છે. ગુજરાત સબઆર્ડિનેટ સર્વિસ સેક્શન બોર્ડએ જૂનિયર ક્લાર્કની સાથોસાથ સીનિયર ક્લાર્ક, હેડ ક્લાર્ક, ઓફિસ આસિસ્ટન્ટ સહિત અન્ય પદો માટે આયોજિત થનારી એક્ઝામ માટે કોલ લેટર સત્તાવાર વેબસાઈટ gsssb.gujarat.gov.in પર જાહેર કરી દેવામાં આવ્યા છે.

GSSSB તરફથી જાહેર કરાયેલી સૂચના અનુસાર, ગ્રુપ છ અને ગ્રુપ Bના પદો પર ભરતી માટે CCE ૨૦૨૪ પરીક્ષા ૧ એપ્રિલથી ૮ મે ૨૦૨૪ સુધી આયોજિત કરાશે. પરીક્ષા ૪ શિફ્ટમાં કંડક્ટ કરાશે. પરીક્ષામાં સામેલ થવા જઈ રહેલા ઉમેદવારોને સલાહ આપવામાં આવી છે.

# સુરતમાં દારૂના નશામાં ચોથા માળેથી બે મિત્રો નીચે પટકાયા : એકનું મોત

સુરત,

સુરતનાં પાંડેસરામાં ચોથા મળે દારૂ પીવા બેઠેલો યુવક નીચે પટકાતા મોત નિપજ્યું છે. ૨૭ વર્ષીય લાલુ યાદવ ઘરના છત પર મિત્ર સાથે દારૂ પીવા બેઠો હતો. બંને મિત્રો નશાની હાલતમાં અચાનક ચોથા મળેથી નીચે પડકાયા હતા. લાલુ યાદવને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં લાલુ યાદવનું ટૂંકી સારવાર બાદ મોત નિપજ્યું છે. નીચે પડકાયેલો અન્ય મિત્ર ઘટના બાદ ફરાર થઈ ગયો છે. પાંડેસરા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી યુવકના મૃતદેહને પીએમ અર્થે મોકલી કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ ઉત્તર પ્રદેશનો વતની ૨૭ વર્ષીય લાલુ રામચંદ્ર યાદવ સુરત રેલવે સ્ટેશન પાસે રહે છે. લાલુ યાદવ મિત્રને લઈ પાંડેસરા ભેસ્તાન સુડા આવાસ ખાતે રહેતો નાના ભાઈના ઘરે ગયો હતો. દરમિયાન લાલુ તેના મિત્ર સાથે ભાઈના જ ઘરના છતના ચોથા માળે દારૂ પીવા બેસી ગયો હતો. જ્યારે નાના ભાઈએ લાલુને દારૂ અહીં નહીં પીવા ટકોર કરી હતી. તેમ છતાં લાલુ તેના મિત્ર સાથે છત ઉપર દારૂ પીવા બેઠો હતો. દારૂ પીધા બાદ બંને મિત્રો અચાનક ચોથા માળેથી નીચે પટકાયા હતા. ઘટનાને લઈ આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઘાયલ લાલુ યાદવને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન લાલુનું મોત નીપજ્યું છે.

ઘટનામાં બંને મિત્રો એક સાથે નીચે પટકાયા હતા. જ્યાં લાલુ યાદવને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે અન્ય તેનો મિત્રને સામાન્ય ઈજાઓ પહોંચતા તે કોઈને પણ કીધા વગર ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટનાની જાણ પાંડેસરા પોલીસને કરાતા પોલીસ સ્થળે આવી પહોંચી હતી. લાલુ યાદવના મૃતદેહને પીએમ અર્થ મોકલી પરિવાર નિવેદન લઈ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસ બાદ મોતનું કારણ બહાર આવશે.

# ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે બેઠક કરશે પાટીલ



અમદાવાદ,

પરસોત્તમ રૂપાલાના નિવેદનથી થયેલા વિવાદને શાંત પાડવા પાટીલ એક્ટિવ થયા છે. આ વિવાદને શાંત પાડવા પાટીલ આજે રાજકોટમાં સૌરાષ્ટ્રના ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે બેઠક કરશે અને અમદાવાદમાં ક્ષત્રિય સમાજની ૭૦ સંસ્થાઓ સાથે બેઠક કરશે.

# સોનું છોડાવી આપવાને બહાને ભત્રીજા વકીલ સહિત ત્રણે રૂા.૧૦.૧૬ લાખ પડાવી લીધા

### હીરા દલાલની ફરિયાદ લઈ તેના ભત્રીજા સહિત ત્રણેય સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી

સુરત

સુરતના વેડ રોડ વિસ્તારમાં રહેતા હીરા દલાલ બેંગકોકથી સોનું લઈને આવતા બોમ્બે એરપોર્ટ ખાતે પકડાયો હતો. આ સોનું છોડાવી આપવાને બહાને હીરા દલાલ પાસેથી તેના ભત્રીજા, વકીલ સહિત ત્રણ જણાએ રૂપીયા ૧૦.૧૬ લાખ પડાવી લીધા બાદ સોનું છોડાવી નહી આપી કે પૈસા પરત નહી કરી છેતરપિંડી કરી હતી. પોલીસે હીરા દલાલની ફરિયાદ લઈ તેના ભત્રીજા સહિત ત્રણેય સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

કતારગામ વેડ રોડ વિહાર સોસાયટીમાં રહેતા હીરા દલાલ ભાવેશકુમાર દામજીભાઈ કપુરીયા (ઉ.વ.૪૩) ગત તા ૧૯ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ધંધાના કામ માટે બેગ્કોક ગયા હતા અને ત્યાંથી પરિવારના સભ્યો માટે રૂપિયા ૧૮,૪૮,૦૫૭ના કિંમતનો ૩૫૭ ગ્રામ સોનું લઈને પરત ગત તા ૩૦ ઓગસ્ટના રોજ ભારત પરત ફરતા બોમ્બે એરપોટ ખાતે પકડાયો હતો. એરપોર્ટ ઓથોરીટીએ તેની પાસેનું સોનુ સીઝ કરી ૧૫૧૭ કલમ હેઠળ નોટીશ આપી અધિકારીએ સમન્સ આવશે ત્યારે હાજર રહી સોનું છોડાવાની પ્રોસેસ કરવાનું કહી જવા દીધો હતો.

# એએમસીના સબ ઈન્સ્પેક્ટરનું શંકાસ્પદ મોત : આપઘાત કે હત્યા ?

અમદાવાદ,

શહેરના રિવરફ્રન્ટ પાસે સાબરમતી નદીમાંથી મહાનગર પાલિકાના ઉત્તર પશ્ચિમ ઝોનના સબ ઈન્સ્પેક્ટરનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો છે. ૨૯ વર્ષના જયદીપ પટેલ મંગળવારથી ઘરેથી ગાયબ થતા પરિવારજનોએ શોધખોળ ચાલુ કરી હતી. સાબરમતી નદીમાં કોઈની લાશ અંગેની માહિતી મળતા ફાયરબ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટાસ્થળે પહોંચીને જયદીપના મૃતદેહને બહાર કાઢ્યો હતો. જયદીપે આપઘાત કર્યો છે કે તેની હત્યા કરવામાં આવી છે તે અંગે હાલ પોલીસ તપાસ ચાલી રહી છે. પ્રાથમિક અનુમાન પ્રમાણે, જયદીપે આપઘાત કર્યો હોવાનું લાગી રહ્યુ છે. જો આપઘાત કર્યો હોય તો તેને શા માટે આ અંતિમ પગલું ભર્યુ છે તે અંગેની તપાસ ચાલી રહી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એસ્ટેટ વિભાગમાં સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા ૨૯ વર્ષના જયદીપ પટેલની સાબરમતી નદીમાંથી લાશ મળી આવી છે.

# અમદાવાદમાં ગુનાઈત પ્રવૃત્તિઓનું પ્રમાણ ઘટાડવા બજારોમાં લાલ બટન વાળા ૮૨ બોક્સ લગાવાયા




અમદાવાદ,

અમદાવાદમાં દિનપ્રતિદિન ગુનાઈત પ્રવૃત્તિઓનું પ્રમાણ વધી રહ્યું છે. ખાસ કરીને એકલદોલક ફરતા યગલો, પ્રેમી પંખિયાઓ અને એકલી યુવતી કે મહિલાઓને બનાવવામાં આવે છે ટાર્ગેટ. રસ્તે રખડતાં રોમિયો, ચોર, લૂંટારુંઓ અને બદ ઈરાદો રાખીને બેઠેલાં હવસખોરો પર સકંજો કસવા માટે પોલીસ અને સુરક્ષા વિભાગે નવો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત ખાસ કરીને અમદાવાદ શહેરમાં હાઈ સિક્યોરિટી પોઈન્ટ નક્કી કરવામાં આવ્યાં છે. જે સ્થળો પર પબ્લિક અને યુગલોની અવરજવર વધારે હોય અને તેવા સ્થળોએ ખાસ કરીને શાળા-કોલેજો, બસ સ્ટેન્ડ અને બજારોમાં ૮૨ બોક્સ લગાવાયા છે. લાલ બટન દબાવતા જ વીડિયો કોલ પર કંટ્રોલ રૂમમાં ફરિયાદ લેવાશે અને પોલીસ એક્શન મોડમાં આવી જશે. હાલ અમદાવાદમાં આ પાયલટ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી રહી છે. ધીરે ધીરે આખા ગુજરાતમાં આ પ્રોજેક્ટ અમલી બની શકે છે. ઉલ્લેખનીય છેકે, ક્રાઈમ રેટ વધુ હોય તેવા વિસ્તારોમાં કોલ બોક્સ લગાવવામાં આવ્યાં છે. ખાસ કરીને અમદાવાદના લો ગાર્ડન જેવા માર્કેટોમાં સિસ્ટમ લગાવાશે. રોડ પર તકલીફમાં મુકાયા હોવ તો ઈમર્જન્સી કોલ બોક્સનું લાલ બટન દબાવો, પોલીસ તુરંત આવશે. 'તમને જાહેર રોડ પર રોમિયો, ચોર- લૂંટારા કે ગુંડાઓ હેરાન કરે તો રસ્તા પર જોવા મળતા ઈમર્જન્સી બોક્સનું લાલ બટન દબાવો, પોલીસ તમારી પાસે પહોંચી જશે.

# સુરત પાલિકાના ડમ્પરે અડફેટે લેતા મહિલાનુ મોત

સુરત,

સુરતના કતારગામ વિસ્તારમાં માટેલા સાંઢની જેમ દોડતા પાલિકાના ડમ્પર ચાલકે પગપાળા જતી મહિલાને અડફેટે લેતા ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. ઘટનાના પગલે રોષે ભરાયેલા ટોળાએ ચાલકને ઝડપી પાડી બરોબરનો મેથીપાક ચખાડ્યો હતો. જ્યાં પરિસ્થિતિ વધુ વણસે તે પહેલા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ચાલકની અટકાયત કરી પોલીસ મથકે લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે ટોળાએ પોલીસ પીસીઆર વાનનો પણ ઘેરાવ કર્યો હતો. જે બાદ વધુ પોલીસ કાફલાની મદદ લેવાની ફરજ પડી હતી. જ્યાં ચાલકની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી.

સુરતમાં બેફામ દોડતા ટ્રક ચાલકોને કારણે અનેક નિર્દોષ લોકોનો ભોગ લેવાય રહ્યો છે. જ્યાં વધુ એક ઘટના સુરતના કતારગામ વિસ્તારમાં બની છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યાનુસાર, ચોક બજાર વિસ્તારમાં આવેલ કુબેરનગર સોસાયટીમાં રહેતી મનિષાબેન નિકુંજભાઈ બારોટ કતારગામ ખાતે આવેલી કે.પી સંઘવી ડાયમંડ કંપનીમાં ફરજ બજાવતા હતા.

# મંદિરને દાનમાં મળેલા ૨ કરોડ રૂપિયા વડોદરાનો પૂર્વ ક્રિકેટર ચાંઉ કરી ગયો

### કોટા સ્વામિનારાયણ મંદિરના સીએના મિત્રએ ઋષિની ઓળખાણ એક મોટા બિઝનેસમેન તરીકે કરાવી હતી - પીઆઇ વી એસ પટેલ

વડોદરા,

વડોદરાના પૂર્વ ક્રિકેટર ઋષિ અરોઠેના મકાનમાંથી રૂ.૧.૩૯ કરોડની રોકડ મળવાના ચકચારી બનાવમાં તપાસ કરતી એસઓજીને મહત્વની વિગતો હાથ લાગી છે.પૂર્વ ક્રિકેટર ઋષિએ કોટાના સ્વામિનારાયણ મંદિરના દાનના રૂ.૨ કરોડ રોકડા નાસિક મોકલવાનું કામ હાથમાં લઇ તમામ રકમ વગે કરી દીધી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

વડોદરાના પ્રતાપગંજ માં જે-૧ ટાવર ખાતે રહેતા પૂર્વ ક્રિકેટર તુષાર અરોઠેને ત્યાં એસઓજીના પીઆઇ વી એસ પટેલ અને ટીમે તાજેતરમાં દરોડો પાડી રોકડા રૂ.૧.૩૯ કરોડ કબજે કર્યા હતા.આ રકમ તુષારના પુત્ર ઋષિ અરોઠેએ નાસિકના એચએમ આંગડિયામાંથી મોકલી હોવાની વિગતો બહાર આવતાં પોલીસે ઈક્રમટેક્સ વિભાગને જાણ કરી હતી.

પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે આ પ્રકરણના મૂળ સુધી જવા માટે એસઓજીને સૂચના આપતાં તેમની તપાસ દરમિયાન કેટલીક ચોંકાવનારી વિગતો ખૂલી છે.

# જૂનાગઢ : તંત્રનો સરાહનીય પ્રયાસ જંગલમાં મતદાન મથક ઉભું કરાશે

જૂનાગઢ

સમગ્ર દેશભરમાં લોકસભાની ચૂંટણી જાહેર થઈ ચૂકી છે ,રાજકીય પક્ષો પોતાના ઉમેદવાર જાહેર લગભગ કરી ચુક્યા છે ,ત્યારે જૂનાગઢ જિલ્લાના વિસાવદરથી ૩૦ કિલોમીટરના અંતરે ગીર જંગલ મધ્યે લોકોમાં આસ્થાનું કેન્દ્ર સમુ અતિ પ્રાચીન શ્રી કનકાઈ માતાજીનું મંદિર આવેલ છે, આ સ્થળે પહોંચવું એ ખૂબ જ વિકટ રસ્તો પાર કરી કનકાઈ પહોંચી શકાય છે ત્યારે આગામી લોકસભા ચૂંટણીમાં કનકાઈ વિસ્તારમાં ૨૦૦ જેટલા મતદારો માટે તંત્ર દ્વારા ખાસ મતદાન મથક ઉભું કરવામાં આવે છે,

જિલ્લા કલેકટર અનિલ રાણાવસિયાના જણાવ્યા મુજબ અહીંના મતદારો માટે પીવાનું પાણી, અને ટોયલેટ સહિતની વ્યવસ્થાઓ ચૂંટણી પંચની ગાઈડ લાઈન મુજબ અહીં વર્ષોથી પોલિંગ બુથ કાર્યરત કરવામાં આવે છે, લોકસભા કે વિધાનસભા ચૂંટણીમાં એક એક મતની કિંમત હોઈ છે ત્યારે કોઈ પણ મતદાતા પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે આયોજન હેતુ તંત્ર દ્વારા મતદાન મથક ઉભું કરવામાં આવે છે.

# પત્ની ઘરે પાણીનો ગ્લાસ પણ આપતી ન હોય તેવા લોકો મને સલાહ આપતા હતા : નીતિન પટેલ

મહેસાણા,

મહેસાણામાં ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વિશ્વ ઉમિયા ધામ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે હું ધારાસભ્ય હતો ત્યારે જે વ્યક્તિ આવે તે મને સલાહ આપતી હતી. હું પોતે પણ જાણું છું કે હું કંઈ સર્વજ્ઞ નથી, પણ જે લોકોને ઘરે પત્ની પાણીનો ગ્લાસ પણ આપતી ન હોય તેવા લોકો પણ મને સલાહ આપતા હતા. આવા લોકો ઘરે બેઠા હોયને પત્ની એમ કહે કે મને પાણી આપો તો પત્ની પણ એમ કહેતી હોય કે જાતે લઈ લો એવા લોકો મને સલાહ આપતા હતા.



કોઈ વ્યક્તિ પ્રોફેસર હોય અને સલાહ આપે તે સમજી શકાય છે. કોઈ વ્યક્તિએ તેના ફિલ્ડમાં કંઈક પ્રદાન કર્યુ હોય અને તે સલાહ આપે તો પણ સમજી શકાય. મારું કહેવું છે કે સલાહ આપનારમાં પણ ક્ષમતા હોવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે નીતિન પટેલ એક સમયે મહેસાણાં લોકસભા બેઠક માટે ટિકિટના દાવેદાર ગણાતા હતા, પરંતુ પછી તેમણે પક્ષના દબાણના લીધે તેમનું નામ પરત ખેંચ્યું હતું. એક સમયે તેઓ મુખ્યમંત્રી પદના પ્રબળ દાવેદાર હતા, પરંતુ વિજય રૂપાણીનું નામ છેલ્લી ઘડીએ આવતા તેમણે નાયબ મુખ્યમંત્રી પદથી સંતોષ માનવો પડ્યો હતો. મુખ્યમંત્રી ન બની શકવાનો અસંતોષ તેમને રહી ગયો છે. આમ છતાં પણ તે સ્વીકારે છે કે પક્ષના કાર્યકર તરીકે પક્ષે મને ઘણું આપ્યું છે.

# રવિવારે શહેરના ૭,૧૦૭ વિદ્યાર્થીઓ આપશે ગુજકેટ

## ૩૪ કેન્દ્રો પર લેવાશે પરીક્ષા, માજીરાજ ગર્લ્સ હાઇ.ખાતે ઝોનલ કચેરી કાર્યરત

ભાવનગર, તા.૨૮

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ ડિગ્રી એન્જિનિયરિંગ તથા ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા લેવામાં આવે છે. આ પરીક્ષા ૩૧ માર્ચને રવિવારે લેવામાં આવશે. ભાવનગર શહેરમાં ૩૪ પરીક્ષા કેન્દ્રો ખાતે ૩૫૬ બ્લોકમાં કુલ ૭,૧૦૭ વિદ્યાર્થીઓ ગુજકેટની આ કસોટી આપવાના છે. આ માટે અધિકારીઓની નિમણૂંક થઈ ગયેલ છે તેમજ માજીરાજ ગર્લ્સ હાઈસ્કુલ, હલુરીયા ચોક, ભાવનગર ખાતે ઝોનલ કચેરી કાર્યરત રહેશે.

ભાવનગરની ડીઈઓ કચેરીના સાગરભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે પહેલા અને બીજા વર્ગના ઓબ્ઝર્વરની નિમણૂક થઈ ગયેલી છે તથા તેની મીટીંગ યોજાઈ હતી. જાહેરનામા અંગે પણ પત્ર કરી દેવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્ર અને સ્ટ્રોંગ રૂમ ખાતે પોલીસ બંદોબસ્ત ફાળવવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે વીજ પુરવઠો યથાવત રાખવા પીજીવીસીએલને પત્ર કરી દેવામાં આવ્યો છે. એસટીના તમામ રૂટ યથાવત રાખવા વિભાગીય નિયામકને પત્ર લખવામાં આવ્યો છે. આરોગ્ય સેવાઓ માટે મેડિકલ ઓફિસરને જાણકારી આપી દેવામાં આવી છે સાથે જિલ્લા કંટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે. ગુજકેટની પરીક્ષાને લઈને તંત્ર દ્વારા તૈયારીઓ પુર્ણ કરવામાં આવી છે.

### કેન્દ્રમાં મોબાઈલ કે ઈલે. ગેઝેટ લઈ જવા પર પ્રતિબંધ

### અનધિકૃત વ્યક્તિ પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરી શકશે નહી

ગુજકેટ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજિક ગુંડા તત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં એન.ડી.ગોવાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે રવિવારે સવારે ૧૦ કલાકથી ૪ કલાક સુધી ભાવનગર શહેર ખાતેના પરીક્ષા કેન્દ્રો ઉપર પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જે મુજબ પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસ/સ્કેનર મશીનના ઉપયોગ પર, મોટા અવાજે લાઉડ સ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર, ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર, પરીક્ષા કેન્દ્રોમાં મોબાઈલ ફોન કે અન્ય ઈલેકટ્રોનિકસ ગેઝેટ લઈ જવા તથા તેના ઉપયોગ પર, પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવાયો છે.

## ભગવાન ઝુલેલાલના જન્મોત્સવની ઉજવણી સંદર્ભે આજે બેઠક

ભાવનગર,તા.૨૮

સિંધી સમાજના ઈષ્ટદેવ ભગવાન ઝુલેલાલ સાહેબજીનો જન્મ દિવસ નિમિતે સિંધુનગર સિંધી પંચાયતો ભાવનગર ધ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૧૦ એપ્રિલના દિવસે ખુબજ ધામધુમપુર્વક ભગવાન ઝુલેલાલ સાહેબની જન્મ જયંતિની ઉજવણી કરવામા આવશે.

આ નિમિતે જરૂરી સલાહ, સુચનો અને વ્યવસ્થાઓ સબંધે એક અગત્યની મીટીગ તા.૨૮ને ગુરુવારે રાત્રે ૧૦ કલાકે નવજવાન સિંધી સેવા મંડળ સિંધુનગર ભાવનગર ખાતે રાખેલ છે. તો આ મીટીગમા સિંધી પંચાયતના મુખીઓ, સિંધી સમાજના વિવિધ સંગઠનો,સિંધી સમાજના સામાજીક આગેવાનો વિગેરેએ અચુક હાજર રહેવા માટે ચેટીચાંડ મહોત્સવ સમિતિ-૨૦૨૪ ના કન્વીનર શ્યામભાઈ બાલચંદાણી, અનીલ ચંદુલાલ દરીયાણી દ્વારા અપીલ કરવામા આવી છે.

## મણાર અને ચોટીલાની દુર્ઘટનામાં માર્યા ગયેલાઓને મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય

ભાવનગર,તા.૨૮

ધૂળેટીના દિવસે ભાવનગરના તળાજા નજીક મણાર ખાતે શરીર પર લાગેલા રંગને દૂર કરવા ત્રણ મિત્રો મણારની ભાંખલ નદી પરના ચેકડેમમાં નાહવા પડેલા અને અજાણતા જ ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. બીજા લોકો મદદરૂપ બને એ પહેલા જ આ ત્રણે મિત્રોનાં કરુણ મોત નિપજયા હતાં.

બીજી તરફ ચોટીલાથી એક દર્દીને વધુ સારવારની જરૂર પડતાં તેને રાજકોટ એમ્બ્યુલન્સ દ્વારા લઇ જતાં હતા તે દરમિયાન એમ્બ્યુલન્સ આગળ જતા ટ્રક સાથે અથડાતાં સર્જાયેલા અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત નિપજયા છે. પૂ. મોરારીબાપુએ મા રવેચીધામ કચ્છ ખાતે ચાલતી રામકથા દરમિયાન આ સમાચાર પ્રાપ્ત થતાં તમામ મૃતકોના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૯૦,૦૦૦ નેવું હજારની સહાયતા રાશિ અર્પણ કરી છે. પૂ. મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે. રામકથાના ચોટીલા તેમજ મણાર સ્થિત શ્રોતાઓ દ્વારા આ રાશિ પહોંચાડવામાં આવશે.

## માનગઢ ગામે વિશ્વ ટીબી દિવસની ઉજવણી



ગારિયાધાર તાલુકાના માનગઢ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક શાળા ખાતે સબ સેન્ટર માનગઢ દ્વારા વિશ્વ ટીબી દિવસની ઉજવણી કરવામાં આવેલ જેમાં બાળકોમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ તેમાં દરેક બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવેલ અને બાળકોને ક્ષય રોગ વિશેનું માર્ગદર્શન ભરતભાઈ મકવાણા અને અમિતભાઈ મજેઠિયા દ્વારા આપવામાં આવેલ અને પ્રાથમિક શાળાના આચાર્ય તથા તમામ શિક્ષક ગણ દ્વારા બાળકોને જરૂરી માર્ગદર્શન અને મદદ પૂરી પાડવામાં આવેલ આ કાર્યક્રમને સફળ બનાવવા આરોગ્ય સ્ટાફ અને શાળા સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી વિશ્વ ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## ફાગણ પૂર્ણિમા પ્રસંગે શિશુવિહારના હરેશભાઈ ભટ્ટનું કરાયુ અભિવાદન

ભાવનગર, તા.૨૮

હરેશભાઈએ ધોરણ ૧ થી ૯ સુધીનો અભ્યાસ શિશુવિહાર શાળામાં સંપન્ન કર્યો. ત્યારબાદ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રમાં ૪૦ વર્ષ બી.કોમ.એલ.એલ.બીની પદવી મેળવીને સેવાઓ આપી નિવૃત્ત બાદ હાલ તેઓ કેમિકલ સપ્લાયના વ્યવસાયમાં સક્રિય છે. કિશોર અવસ્થાથી જ તેમણે સામાજિક પ્રવૃત્તિમાં ઊંડા રસ રુચિ શાળામાં સ્કાઉટ ગાઈડ જેવી પ્રવૃત્તિમાં ઉત્સાહ દાખવતા અત્યારે સમાજ સેવાના કાર્યો કરતી રોટરી કલબ ભાવનગર, રાઉન્ડ ટાઉન સાથે સંલગ્ન છે હરેશભાઈ રોટરી રાઉન્ડ ટાઉનના પૂર્વ પ્રમુખ રહી ચૂક્યા છે. રોટરી ઈન્ટરનેશનલના માધ્યમથી તેમણે અનેકવિધ આયોજનો કર્યા છે. મેગા મેડિકલ કેમ્પ, કોવિડ સ્થિતિમાં જરૂરિયાત વાળા પરિવારોને અનાજ, શાળાના બાળકોને નોટબુક, સ્વેટર તેમજ રેઈન કોટ ઈત્યાદિ સેવા પ્રકલ્પો યોજાયા છે. શહેરમાં



સેવાકીય પ્રવુત્તિ કરતા મહાનુભાવોને વોકેશનલ એવોર્ડ પ્રચલિત કરનાર હરેશભાઈ આજે પણ અનેકવિધ સમાજસેવાના કાર્યોમાં યોગદાન આપી રહ્યા છે. બાલમંદિરથી ક્રીડાંગણ અને સ્કાઉટની તાલીમ લેનાર શિશુવિહાર પરિવારના આત્મીય સભ્ય હરેશભાઈનું સ્વ.મહાશ્વેતાબહેન ત્રિપાઠી એવોર્ડથી સંસ્થાના પ્રમુખ રાજેન્દ્રભાઈ દવેના વરદ હસ્તે તા.૨૪ માર્ચ ફાગણ પૂર્ણિમા પ્રસંગે અભિવાદન કરવામાં આવ્યું હતું જે ક્રીડાંગણ માટે ગર્વ રૂપ બને છે.

## શનિવારે ધો.૫ અને ૮ના વિદ્યાર્થીઓ માટે લેવાશે કેટ, જ્ઞાનસાધના કસોટી

### જિલ્લાના ૧૧૩ કેન્દ્રો પર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનાર કસોટીમાં કેટમાં ૩૦,૫૦૪, જ્ઞાનસાધનામાં ૨૫,૫૫૧ પરીક્ષાર્થી નોંધાયા

ભાવનગર,તા.૨૮

ધો.૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ધો.૬માં રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એક્સલન્સમાં પ્રવેશ મેળવી શકે તે માટે આગામી તા.૩૦ને શનિવારે કેટ યોજાશે. આ દિવસે જ ધો.૮ના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપતી સરકારની યોજના જ્ઞાનસાધના કસોટી પણ યોજાશે. બન્ને પરીક્ષાને લઇ ભાવનગર જિલ્લામાં અંદાજે ૫૬ હજારથી વધુ પરીક્ષાર્થીઓ નોંધાયા છે.

પ્રાથમિક વિભાગમાં વિદ્યાર્થીઓને મફત શિક્ષણ અને આર્થિક સહાયના ભાગરૂપે ગત વર્ષથી બે યોજના અમલી બનાવાઇ છે. રાજય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા ધો. ૫ના વિદ્યાર્થી માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (કેટ)ની પરીક્ષાનું આયોજન તા. ૩૦ના રોજ કરવામાં આવ્યું છે. જેમાં આ વર્ષે કુલ ૩૦૫૦૪ વિદ્યાર્થી પરીક્ષા આપશે. આ પરીક્ષા જિલ્લાભરના કુલ ૧૧૩ કેન્દ્રો પર લેવામાં આવશે. સરકારી ગ્રાન્ટેડ અને આર.ટી.ઈ.ના વિદ્યાર્થીઓએ અગાઉ ફોર્મ ભર્યા હતા. આ પરીક્ષા સવારે ૧૦.૩૦ થી ૧ દરમ્યાન ૧૨૦ માર્ક્સની ઓ.એમ.આર. પધ્ધતિથી લેવામાં આવશે જેના મેરીટના આધારે જ્ઞાનશક્તિ રેસિડેન્સીયલ સ્કુલ, રેસીડેન્સ સ્કુલ ઓફ એક્સલન્સ, રક્ષા શક્તિ સ્કુલમાં પ્રવેશ મેળવી કારકીર્દી ઘડી શકશે. આ ઉપરાંત સરકારી, ગ્રાન્ટેડ અને આર.ટી.ઈ.ના ધો. ૮ના વિદ્યાર્થીઓ માટે જ્ઞાનસાધના સ્કોલર્શીપ યોજનાની પણ પરીક્ષા તા.૩૦ના રોજ લેવાનું આયોજન કરાયું છે. ભાવનગર જિલ્લામાં કુલ ૨૫૫૫૧ વિદ્યાર્થીઓ જિલ્લાભરના ૧૦૮ પરીક્ષા કેન્દ્રો પર બપોરે ૩થી ૫.૩૦ દરમ્યાન પરીક્ષા આપશે જેનો પ્રશ્ન પત્ર પણ ૧૨૦ ગુણનો રહેશે. જે સંપૂર્ણ ઓ.એમ.આર. પધ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે. જેના મેરીટના આધારે સ્કોલર્શીપ સીધી ખાતામાં ફાળવવામાં આવશે.

## સિહોર પો. સ્ટે.ના ઈંગ્લીશ દારૂના ગુન્હાનો ફરાર આરોપી ઝડપાયો



ભાવનગર, તા.૨૮

ભાવનગર,પેરોલ ફર્લો સ્કવોડના માણસો શિહોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાસતાં-ફરતાં આરોપીઓની હકિકત મેળવવા પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન બાતમી મળેલ કે, શિહોર પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ઈંગ્લીશ દારૂના ગુન્હામાં નાસતાં-ફરતાં આરોપી ગોપાલભાઇ સુખાભાઇ બારૈયા રહે.સથરા તા.તળાજા વાળો રાજપરા,ખોડીયાર મંદિરની ચોકડી પાસે રોડ ઉપર ઉભો છે.જે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતાં નાસતો-ફરતો આરોપી ગોપાલભાઇ સુખાભાઇ બારૈયા હાજર મળી આવતાં તેને ઝડપી લઇ શિહોર પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવેલ.

## બે દિવસમાં યુનિ.નું બજેટ મંજૂર ન થાય તો કર્મચારીઓનો પગાર થવામાં મુશ્કેલી

### ડો.છાબરીયાની નવા કુલપતિ તરીકે નિમણૂક થઇ પણ હજુ હાજર થયા નથી

ભાવનગર,તા.૨૮

ભાવનગર યુનિવર્સિટીના લાંબી કશ્મકશ બાદ નવા કાયમી કુલપતિની નિમણૂક થવા પામી છે. પરંતુ આ નવા કુલપતિ હજુ સુધી હાજર થયા નથી. ત્યારે યુનિવર્સિટીની મહત્વની બાબતો નિર્ણયના વાંકે પડતર રહી છે. જો કે, હાલ યુનિ.નું બજેટ મંજૂર કરવાનું પણ બાકી હોય મહિનાના અંતે બજેટ મંજૂર નહીં થાય તો સંભવતઃ યુનિ. કર્મચારીઓનો આગામી માસનો પગાર કરવામાં પણ મુશ્કેલી સર્જાય તેવા એંધાણ વર્તાઇ રહ્યા છે.

એમ.કે. ભાવનગર યુનિવર્સિટી છેલ્લા બે વર્ષથી ઇન્ચાર્જ કુલપતિથી કાર્યભાર સંભાળી રહી હતી. બાદ સર્ચ કમિટીની ભલામણના આધારે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે ગત તા.૧૪ માર્ચના રોજ અમદાવાદ એલ.એમ. કોલેજ ફાર્મસીના આચાર્ય ડો.મહેશ ટી. છાબરીયાને કુલપતિ પદે નિયુક્ત કર્યા છે. નવનિયુક્ત કુલપતિ પોતાની જુની સંસ્થાના વહિવટી કામની વ્યસ્તતાને લઇ હજુ સુધી હાજર થયા નથી. જો કે, ચૂંટણી આચાર સંહિતાના ગ્રહણના પગલે ઇન્ચાર્જ કુલપતિએ બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરી હતી અને તાબડતોબ બેઠક બોલાવી સ્ટેચ્યુટની મંજૂરી પણ આપી દેવામાં આવી હતી. જો કે, આ પ્રક્રિયા બાદ માર્ચ માસ પૂર્ણ થવાના આરે છે છતાં યુનિવર્સિટીનું વાર્ષિક બજેટ હજુ સુધી મંજૂર કરવામાં આવ્યું નથી. નિયમોનુસાર વાર્ષિક બજેટને સૈદ્ધાંતિક મંજૂરી આપતા પૂર્વે એ.સી. ઇ.સી. અને બોર્ડમાંથી મંજૂર કરવાનું હોય પરંતુ જે પ્રક્રિયા હજુ સુધી નહીં થતા આગામી માસમાં યુનિવર્સિટીના કર્મચારીઓનો પગાર પણ કરવામાં મુશ્કેલી પડે તેવી શક્યતાઓ સર્જાઇ છે. ત્યારે નવા કાયમી કુલપતિની યુનિવર્સિટી આતુરતાથી રાહ જોઇ રહી છે. આ અંગે હાલ ઇન્ચાર્જ કુલપતિ એમ.એમ. ત્રિવેદીએ પણ નવનિયુક્ત કુલપતિ સત્તાવાર રીતે ચાર્જ સંભાળ્યા બાદ પડતર બાબતો અંગે નિર્ણયો લેશે તેમ જણાવી રહ્યા છે.

## ભાવનગર જિલ્લા જેલમાંથી વચગાળાના જામીન લઈને ફરાર થયેલ હત્યાનો આરોપી ઝડપાયો

ભાવનગર, તા.૨૮

ભાવનગર,એલ.સી.બી.નાં માણસો ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન સ્ટાફને બાતમીરાહે હકિકત મળેલ કે ભાવનગરના બગદાણા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ હત્યાના ગુન્હાના ભાવનગર જિલ્લા જેલમાં રહેલ અને વચગાળાના જામીન પરથી ફરાર થયેલ કાચા કામનો કેદી હિંમતભાઇ ઉર્ફે ખત્રી જોધાભાઇ ચુડાસમા ભાવનગર,બસ સ્ટેન્ડ ખાતે હાજર છે. જે માહિતી આધારે તપાસ કરતાં વચગાળાની રજા પરથી ફરાર થયેલ



કાચા કામનો કેદી હિંમતભાઇ ઉર્ફે ખત્રી જોધાભાઇ ચુડાસમા ઉ.વ.૨૮ રહે.માતલપર તા.જેસર વાળો હાજર મળી આવતાં તેના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી ભાવનગર જિલ્લા જેલમાં સોંપી આપવામાં આવેલ.

## નેશનલ સેફટી મંથ : રેડક્રોસ ના સહયોગથી યોજાયો મેગા રક્તદાન કેમ્પ




ભાવનગર, તા.૨૮

ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર સંચાલિત બ્લડ બેક્રના સહયોગથી રીન્યુ પાવર પ્રા.લી. ધોલેરા દ્વારા નેશનલ સેફ્ટી મંથ નિમિત્તે ધોલેરા પ્લાન્ટ ખાતે મેગા રક્તદાન કેમ્પ યોજાયો હતો જેમાં કંપનીના ડાયરેક્ટર અને સિનયર મેનજર ઉપસ્થિત રહેલ અને રક્તદાતાઓને પ્રોત્સાહિત કરેલ. તેમજ બહોળી સંખ્યામાં કંપનીના અધિકારીઓએ અને વર્કરોએ રક્તદાન કરી માનવતાના કાર્યમાં સહયોગ આપેલ અને નેશનલ સેફ્ટિ મંથની ઉજવણી કરવામાં આવેલ, આ કેમ્પમાં દરેક રક્તદાતાઓને પ્રમાણપત્રો તેમજ સ્મૃતિ ચિન્હ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ, રક્તદાન એ આપણી નૈતિક ફરજ છે,એક રક્તદાનથી ૩ વ્યક્તિનું જીવન બચાવી શકાય છે, આ કેમ્પને સફળ બનાવવા રીન્યુ પાવર પ્રા.લી. ધોલેરાના અધિકારીઓનો સારો સહયોગ મળેલ, રેડક્રોસ એ એક એવી બ્લડ બેક્ર છે જ્યાં દર્દીઓ કે તેમના સગા પાસેથી સામું બ્લડ જમા કરાવ્યા વગર બ્લડ આપી માનવતાનું કાર્ય કરવામાં આવે છે.

# સૌરાષ્ટ્રના કેટલાક એવા મતદાન મથકો, જે 'Every Vote Counts' ના અભિગમને કરે છે સાર્થક

### લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત સૌરાષ્ટ્રના વિવિધ અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારના મતદારો માટે ઉભા કરવામાં આવશે નવ વિશિષ્ટ મતદાન મથકો

ભાવનગર, તા.૨૮

મતદારોની દ્રષ્ટીએ ભારત એ વિશ્વની સૌથી મોટી લોકશાહી છે, જે સર્વવિદિત છે. સાથોસાથ, વિશાળ અને વૈવિધ્યસભર ભૂપૃષ્ઠોને કારણે પણ દેશનો એકપણ નાગરિક મતદાનના અધિકારથી વંચિત રહી ન જાય તે સુનિશ્ચિત કરવું એ પણ મોટો પડકાર છે. પરંતુ ભારતના ચૂંટણી પંચના 'Every Vote Counts' ના અભિગમને સાર્થક કરવામાં દેશનું ચૂંટણી તંત્ર હંમેશ સુસજ્જ છે.

સૌરાષ્ટ્ર પ્રદેશમાં પણ એવા અનેક વિસ્તારો છે, જ્યાં પરિવહનની જરૂરી વ્યવસ્થાઓના અભાવે પહોંચવું મુશ્કેલીભર્યું હોય છે અથવા મતદારોને મતદાન કરવા દૂર સુધીનું અંતર કાપવું પડે છે. આવી તમામ વિપરિત પરિસ્થિતિઓમાં પણ મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીના નેતૃત્વમાં રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા સૌરાષ્ટ્રના નવ મળી રાજ્યભરના ૧૧ સ્થળોએ વિશિષ્ટ મતદાન મથક તૈયાર કરવામાં આવ્યા છે. તો આવો જાણીએ એવા મતદાન મથકો વિશે, જે ભારતના ચૂંટણી પંચના 'Every Vote Counts' ના સંકલ્પને સાર્થક કરવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલા સંનિષ્ઠ પ્રયાસોની સાક્ષી પૂરી રહ્યા છે.

**જિલ્લોઃ ગીર સોમનાથ, (મતદાન મથકઃ ૩-બાણેજ), ૯૩-ઉના વિધાનસભા મતવિભાગ**

ગીર અભયારણ્યના ઊંડા જંગલોમાં બાણેજ વિસ્તારમાં એકલા વ્યક્તિ- મહંત હરિદાસજી ઉદાસીન વસે છે, જેઓ બાણેજ વિસ્તારમાં આવેલા ભગવાન શિવના મંદિરના પૂજારી છે. આ એકલા મતદાર માટે ૨૦૦૭ થી દરેક ચૂંટણી દરમિયાન એક ખાસ મતદાન મથકની સ્થાપના કરવામાં આવે છે, જે ભારતના ચૂંટણી પંચની 'Every Vote Counts' ની ભાવનાને ચરિતાર્થ કરે છે. મંદિરની નજીક આવેલી ફોરેસ્ટ ઓફિસમાં બૂથની સ્થાપના કરવામાં આવે છે. બૂથની સ્થાપના માટે એક સમર્પિત મતદાન ટીમ નિયુક્ત કરવામાં આવે છે અને એકલા મતદારને તેમનો મત આપી શકે તે માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે છે.

**જિલ્લોઃ ગીર સોમનાથ, (મતદાન મથકઃ સાપ નેસ બિલિયા), ૯૩-ઉના વિધાનસભા મતવિભાગ**

સાપ નેસ બિલિયા એ ગીરના જંગલની અંદરનો એક એવો નાનો નેસ છે, જેની નજીકમાં કોઈ અન્ય માનવ વસવાટ નથી. આ નેસમાં ૨૦૦૭ થી ૨૩ પુરૂષો અને ૧૯ મહિલા મતદારો મળી માત્ર ૪૨ મતદારો માટે તંબુ (Tent)માં એક ખાસ મતદાન મથક ઉભું કરવામાં આવ્યું છે.

જિલ્લોઃ ગીર સોમનાથ, (મતદાન મથકઃ ૮૯, ૯૦, ૯૧ માધુપુર – જાંબુર), ૯૧-તલાળા વિધાનસભા મતવિભાગ ૧૪મી અને ૧૭મી સદી દરમિયાન ભારતમાં આવેલા પૂર્વ આફ્રિકન લોકોના વંશજ સિદ્દીઓ અહીં રહે છે. તેમના મતદાન માટે મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. જ્યાં કુલ ૩,૫૧૫ મતદારો છે.

**જિલ્લોઃ અમરેલી, મતદાન મથકઃ શિયાળબેટ ટાપુ (૫ બુથ), ૯૮-રાજુલા વિધાનસભા મતવિભાગ**

શિયાળબેટ એ અરબી સમુદ્રમાં આવેલો નાનો ટાપુ છે, જે અમરેલી જીલ્લાના કિનારે પૂર્વ બાજુએ આવેલો છે. શિયાળબેટ ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૭૫.૩૨ હેક્ટર છે, જેમાં ૮૩૨ જેટલા મકાનો છે. મોટાભાગના રહેવાસીઓ માછીમાર સમુદાયના છે. શિયાળબેટ ગામ રાજુલા વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે. બોટ દ્વારા દરિયાઈ માર્ગ સિવાય આ ટાપુને મુખ્ય ભૂમિ સાથે કોઈ જોડાણ નથી. આસિસ્ટન્ટ ઝોનલ ઓફિસર, સુરક્ષા કર્મચારી, મતદાન સ્ટાફ, બૂથ લેવલ ઓફિસર વગેરે સહિત લગભગ ૫૦ કર્મચારીઓની બનેલી પોલિંગ ટીમ ટાપુ પર બોટ દ્વારા પ્રવાસ કરે છે અને શિયાળબેટ ટાપુમાં ૫,૦૪૮ મતદારો માટે દરેક ચૂંટણી દરમિયાન મતદાન મથકો ઉભા કરે છે. ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકાને અનુસરીને ૦૫ મતદાન મથકોની સ્થાપના કરવામાં આવી છે.

**જિલ્લોઃ પોરબંદર, (મતદાન મથકઃ ૬૩– સાતવિરડા નેસ, ૬૪ – ભુખબરા નેસ, ૬૫ – ખારાવિરા નેસ), ૮૪- કુતિયાણા વિધાનસભા મતવિભાગ**

પોરબંદર જિલ્લો બરડા પર્વતમાળા અને જંગલ વિસ્તાર ધરાવતો જિલ્લો છે. જેમાં ત્રણ મતદાન મથકો બરડા પર્વતમાળાના પ્રતિબંધિત જંગલ વિસ્તારમાં આવેલા છે, જે ૮૪-કુતિયાણા વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે. એટલે કે ૬૩-સાતવિરડા નેસ (૮૮૩ મતદારો), ૬૪-ભુખબરા નેસ (૬૩૪ મતદારો) અને ૬૫-ખારાવીરા નેસ (૭૮૭ મતદારો); આ મતદાન મથકો પ્રતિબંધિત જંગલ વિસ્તારમાં આવેલા હોવાથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા AMF અને કોમ્યુનિકેશન માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવે છે. આ ત્રણ મતદાન મથકો માટે સમર્પિત સેકટર રૂટ બનાવવામાં આવ્યા છે. ત્રણેય મતદાન મથકો શૅડો એરિયા હેઠળ આવે છે અને સંદેશાવ્યવહારનું એકમાત્ર માધ્યમ વાયરલેસ સેટ છે.

**જિલ્લોઃ દેવભૂમિ દ્વારકા, (મતદાન મથકઃ ૬૮ – અજાડ ટાપુ), ૮૧-ખંભાળીયા વિધાનસભા મતવિભાગ**

૬૮ – અજાડ ટાપુ મતદાન મથક દેવભૂમિ દ્વારકાના ૮૧ – ખંભાળિયા મતવિસ્તારમાં આવેલું છે, જે ટાપુ દરિયા કિનારાથી લગભગ ૧૦ કિ.મી. દૂર આવેલું છે. આ વિસ્તારના માત્ર ૪૦ જેટલા મતદારો માટે તંબુ (Tent) માં મતદાન મથક તૈયાર કરવામાં આવે છે.

**જિલ્લોઃ દેવભૂમિ દ્વારકા, (મતદાન મથકઃ ૨૯૯ – કિલેશ્વર નેસ), ૮૧-ખંભાળીયા વિધાનસભા મતવિભાગ**

૨૯૯–કિલેશ્વરનેસ મતદાન મથક દેવભૂમિ દ્વારકાના ૮૧–ખંભાળિયા મતવિસ્તારમાં આવેલું છે, જે નેસ વિસ્તારમાં બરડા પર્વતના ઊંડા જંગલ વિસ્તારમાં આવેલું છે. આ વિસ્તારમાં ૫૧૬ મતદારો નોંધાયેલા છે. તે મતદાન મથક સાથે સંપર્ક કરવાનું એકમાત્ર સાધન વાયરલેસ સેટ છે.

**જિલ્લોઃ જુનાગઢ, (મતદાન મથકઃ ૨૯૦ – કનકાઈ), ૮૭-વિસાવદર વિધાનસભા મતવિભાગ**

કનકાઈ મતદાન મથક ઊંડા જંગલ વિસ્તારમાં અને "નેસ" વિસ્તારમાં સ્થિત છે. આ વિસ્તારમાં કુલ ૧૨૧ મતદારો નોંધાયેલા છે. સંદેશાવ્યવહારનું એકમાત્ર સાધન વાયરલેસ સેટ છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## પ્રાથમિક કેળવણીની વાસ્તવિકતા

નવી એજ્યુકેશન પોલીશી નો અમલ થાય તે સારી વસ્તુ છે.સમયની સાથે કેળવણીમાં પણ ફેરફાર થાય તે પણ જરૂરી છે. પણ આજે જે વાસ્તવિકતા છે તેને નજરઅંદાજ કરી શકાય એમ નથી.ગામડાની શાળા માં ભણતો ૫ વર્ષના બાળકને ૧૦૦ એકડા ન આવડે તો પરિસ્થિતિ સિરિયસ કહી શકાય.

આમ છતાં એજ્યુકેશન હાઇટેક બની રહ્યું છે.નવી શિક્ષણ નીતિમાં દરેક બાળક માટે ડિજિટલ રિપોર્ટ કાર્ડ બનશે જેને કારણે તેની પ્રગતિ કેટલી થઈ છે તે દર્શાવવામાં આવશે તેને કેટલું નથી આવડતું તે પણ તેમાં પ્રદર્શિત થશે આમ શિક્ષણ વધુ કાર્યક્ષમ બનાવવામાં માટે રાજ્ય સરકારે કમર કસી છે.

કોઈપણ બાળક માટે જીવનલક્ષી શિક્ષણ જરૂરી છે બાળક પાંચ વર્ષનું થાય એટલે ૨૫ પ્રકારની વિવિધ પ્રકારની પોતાના જીવનને લગતી પ્રવૃત્તિ જાતે કરી શકે એટલે શિક્ષણનો પાયો ગણી શકાય પાંચ દાયકા પહેલાના શિક્ષણકારો જીવનલક્ષી શિક્ષણને જ મહત્વ આપતા હતા પરંતુ ધીમે ધીમે સમયની સાથે પરિવર્તન થતું ગયું શિક્ષણ વધુને વધુ હાઈ ટેક બનતું ગયું પાટી સલેટને બદલે આજે વિદ્યાર્થીના હાથમાં સ્માર્ટફોન અને લેપટોપ છે ઓનલાઇન એજ્યુકેશન આવી ગયું આના પ્રમાણમાં જે રીતે એજ્યુકેશનનો સ્ત્ર વધવું જોઈએ તે હજુ હજુ નથી.

કોરોના કાળ દરમિયાન દુનિયાભરના બાળકોને લર્નિંગ લોસ થયો છે તે જેવો તેવો નથી તે અંગે પણ સર્વે કરવામાં આવ્યો છે ઓનલાઇન એજ્યુકેશનના શરૂઆતમાં ફાયદા દેખાતા હતા પરંતુ હવે તેના નેગેટિવ પોઇન્ટ પણ સામે આવવા લાગ્યા છે જે ફાયદા કરતાં ગેરફાયદા વધુ છે તો આ ગેરફાયદા ને કેવી રીતે નિવારવા તેનું મનોમંથન શિક્ષણ જગતના લોકો કરી રહ્યા છે અને તેને કારણે શિક્ષણ પદ્ધતિમાં મોટો બદલાવ આવી રહ્યો છે

પરીક્ષા પાસ થયા પછી દરેક વિદ્યાર્થીને પરિણામ પત્ર કાપવામાં આવે છે પહેલા પરિણામ માત્ર એક ચોરસ કાગળમાં આવતું પછી હવે બુકલેટ માં આવે છે હવે ઓનલાઇન આવે છે આમાં પણ હજુ નવી શિક્ષણનીતિમાં મોટો બદલાવ કરવામાં આવી રહ્યો છે ક્યા બાળકને પાછળના ધોરણમાં ક્યા વિષયમાં શું શીખવાનું બાકી છે તે હવે આ રિપોર્ટ કાર્ડમાં દર્શાવવામાં આવશે ધોરણ ત્રણ થી આઠ ના વિદ્યાર્થીઓના રિપોર્ટ કાર્ડ બનશે તેમાં પાછલા વર્ષની ખામી પણ લખવામાં આવશે જે નવા સત્રમાં ઉમેરાશે અને વિદ્યાર્થીને આ રીતે શિક્ષણની અંદર જે ખામી રહી ગઈ છે તે પરિપૂર્ણ કરવામાં આવશે હવે પછી રાજ્યના તમામ બાળકોના આવા રિપોર્ટ કાર્ડ બનશે અને તેની માહિતી અપલોડ પણ કરવી પડશે દાખલા તરીકે આ રિપોર્ટ કાર્ડ માં એક શાળાના ત્રીજા ધોરણના ગણિતનું રિપોર્ટ કાર્ડ છે આ શાળામાં ધોરણ ત્રણ પાસ કરી ચોથા ધોરણમાં પ્રવેશેલા બાળક ને શું નથી આવડતું તે દર્શાવવામાં આવશે દાખલા તરીકે કોઈ બાળકને ગણિતમાં ભાગાકાર નથી આવડતા તો તેનો ઉલ્લેખ હશે આથી આગળના ધોરણમાં આ વસ્તુ પહેલા જાણ પર લઈને તેને ભાંગાકાર શીખવવામાં આવશે આથી નવા ધોરણના શિક્ષકને સૌથી પહેલા તે બાળકને શું શીખવાડવું તે સ્પષ્ટ થઈ જશે અને તેનું કામ સરળ બની જશે

રાજ્યના શિક્ષણ વિભાગે ગુજરાતની શિક્ષણ પદ્ધતિમાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે અત્યાર સુધીમાં ધોરણ આઠ સુધી કોઈ બાળકને નાપાસ કરવામાં નહોતા આવતા પરંતુ તેમાં હવે અનેક બાળકને પાયાનું

# પૈસા માટે જ આ વાચન લેખન ?



અન્વેષણ - C.A. પરેશ ભટ્ટ

હમણાં ફેબ્રુઆરી મહિનામાં મારા પુસ્તક "અદ્દભૂતમ સંસ્કૃતમ" પુસ્તકનું વિમોચન થયું. પુસ્તકને ખૂબ જ સુંદર પ્રતિભાવ મળ્યો. ઘણા બધા વિદ્વાન લોકોના ફોન આવ્યા, મિત્રોએ શુભેચ્છાઓ પાઠવી. અમુક વિદ્વાન મિત્રોએ તો ત્યાં સુધી જણાવ્યું કે આ પુસ્તકતો યુનિવર્સિટીમાં પાઠ્ય પુસ્તક તરીકે મૂકવું જોઈએ. તો અમુક વિદ્વાન મિત્રોએ કહ્યું કે સાહિત્ય સાથે જોડાયેલ દરેકે દરેક વ્યક્તિએ આ પુસ્તક અચૂક વાંચવું જ જોઈએ. કારણ કે આપણા પૂર્વજોએ જે સાહિત્યિક પ્રયોગો કર્યા છે, જે કાગળ પેનની પણ શોધ ન હોતી થઇ ત્યારે એમણે કરેલા છે. એ જાણવા તો અચૂક વાંચવું જોઈએ. એક બહેને તો એમ કહ્યું કે અમારા કોનવેન્ટીયા બાળકોને ખબર આ બધી ખબર પડે એટલે અંગ્રેજીમાં આ પુસ્તક ક્યારે આપો છો ? આપણી યુવા પેઢીને આ વાતો ચોક્કસ ખબર પડવી જોઈએ. આ બધું સાંભળીને એક આત્મસંતોષ થાય કે સાહિત્ય ક્ષેત્રે આપણે કરેલા પ્રયત્નને ચોક્કસ સફળતા મળી છે.

આમ છતાં અમુક લોકોને એવું મનમાં હોય કે જીવનનું કેન્દ્ર સ્થાન એટલે પૈસો. એ સિવાયની દરેક પ્રવૃત્તિ નકામી.એવા જ એક પ્રોફેશનલ મિત્ર મને કહે આ "અદ્દભૂતમ સંસ્કૃતમ" લખીને તમને શું પૈસા મળે ? મેં કહ્યું કલાનું મૂલ્ય બીજા માટે હોય કલાકાર માટે તો એ અમૂલ્ય જ હોય. કોઈ પણ કિંમત તેને મળે એ ઓછી જ હોય. કારણ કલાનું સર્જન જે આત્મસંતોષ આપે જે ખુશી આપે તેને તમે ક્યાં તોલવા જવાના ? એ આત્મસંતોષની કોઈ કિંમત હોય ? એ ખુશીનું કોઈ મૂલ્યાંકન હોય ? જે રીતે બાળકને જન્મ આપ્યાનો આત્મસંતોષ મા ને હોય છે એવો જ આત્મસંતોષ એક પુસ્તક પૂર્ણ થઈને હાથમાં આવે ત્યારે લેખકને થતો હોય છે. મા ને પીડા કરતા પુત્ર જન્મનો આંનદ વધુ હોય એમ જ લેખકને પુસ્તક લખતા પડેલી મુશ્કેલીઓ સામે પુસ્તક હાથમાં આવે ત્યારે જે આંનદ હોય છે જે અવર્ણનિય હોય છે. મા ને માટે બાળકની કોઈ કિંમત હોય ? બાળક અમૂલ્ય જ હોય.

આમ છતાં તેના મગજમાં પૈસાના જ બટેટા બફાતા હતા. મને કહે એ બધું તો ઠીક છે પણ રૂપિયા કેટલા મળે ? પ્રેક્ટિસમાં વધારો થાય ? કોઈ ક્લાયન્ટ વધે ? મેં કહ્યું હા ચોક્કસ તો મને કહે કેમ ? મેં એમને હજુ ગયા અઠવાડિયે બનેલી ઘટના જ કહી કે મારે ઇન્કમ ટેક્સમાં એક કેસ ચાલતો હતો.ખૂબ મોટી રકમની મેટર હતી.ઇન્કમ ટેક્સમાં સામાન્ય રીતે મુખ્ય બે મુદ્દા હોય એક કાયદાકીય પ્રશ્ન - લો બેઝ અને બીજો હકીકતનો-ફેક્ટ બેઝ પ્રશ્ન. આ બે માંથી સામાન્ય રીતે કોઈ એક પ્રશ્ન હોય. મારા કેસમાં આ બન્ને પ્રશ્નો હતા-બન્ને મુદ્દા હતા.

આ સમયે મારા વાંચનનો શોખ જેમાં સંસ્કૃતનો ન્યાય અને વૈષેશિકનો દર્શનનો અભ્યાસ, તર્ક શાસ્ત્રનો અભ્યાસ મને ખૂબ જ ઉપયોગી થાય. કોઈ પણ વાતને જુદા જુદા દ્રષ્ટિકોણથી જોવાની ટેવ પાડે.કોઈ પણ દલીલને તાર્કિક રીતે રજૂ કરવામાં ખૂબ જ સુગમતા રહે.કાયદાની કલમનું જુદા જુદા એંગલથી પૃથક્કરણ કરવાની ટેવ પાડે.જે ફેક્ટ કે હકીકત હોય તેને એસેસી કે ક્લાયન્ટની ફેવરમાં રજૂ કરવા માટેના તર્ક, દલીલ, રજુઆત માટે સરળતા રહે, ખૂબ જ ચોટદાર રીતે થઈ શકે. જે મને પ્રેક્ટિસમાં પણ ખૂબ જ ઉપયોગી થાય.એ કેસમાં મને ક્લાયન્ટની ફેવરમાં નિર્ણય લાવવામાં આ બધી જ વાતો ખૂબ જ ઉપયોગી બની છે. હવે કહો આ બધું પ્રેક્ટિસમાં ઉપયોગી થાય કે નહીં ? પૈસા કમાવી આપે કે નહીં ?

એટલે એ મિત્ર એ પાટલી બદલી કે આટલું બધું વાંચવાનો સમય ક્યારે મળે છે ? મેં કહ્યું કે હું વેબ સિરીઝ, ફિલ્મ, ટીવી કે સોસીયલ મીડીયામા ખૂબ ઓછો સમય ફાળવું છું.બીજું મારી એક મિનિટ પ્રવૃત્તિ વગરની ન હોય.પણ આ બધી પ્રવૃત્તિ પૈસા કમાવા માટે નહીં પરંતુ નિજાનંદ માટે છે. હા, તેના પૈસા મળે છે એ સાઈડ ઇફેક્ટ છે.પણ પૈસા માટે "જ" આ પ્રવૃત્તિ નથી થતી.જેમ શરદીની દવા લઈએ ને ઊંઘ આવે તે સાઇડ ઇફેક્ટ છે પણ ઊંઘવા માટે એ દવા નથી લેતા.

બીજું વાંચન લેખનની પ્રવૃતિ એ મનને શાંતિ આપે છે, આંનદ આપે છે.આજે ઘણા ડોકટર્સ ખૂબ સરસ લખે છે, એ બધા જ કંઈ થોડા પૈસા માટે લખે છે એમની પ્રેક્ટિસ ખૂબ સરસ જ ચાલે છે. તેઓ હેલ્ધી પ્રેક્ટિસ માટે નથી લખતા પરંતુ પ્રેક્ટિસ માટે હેલ્ધી રહી શકાય એ માટે લખતા હોય છે. બસ અમારું પણ આવું જ કંઈક છે.

# ગુરુના યુરોપા ચંદ્ર પર એલિયન્સની હાજરી હોઈ શકે - નાસા

### નાસાએ આ મિશન માટે હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા



વિશેષ

અમેરિકાની વોશિંગ્ટન યુનિવર્સિટીના એક સંશોધકે દાવો કર્યો છે. સંશોધકોએ કહ્યું છે કે અમેરિકન સ્પેસ એજન્સી નાસા ૨૦૩૦ સુધીમાં એલિયન્સની શોધ કરશે. સંશોધકોએ દાવો કર્યો છે કે ગુરુના ચંદ્ર યુરોપા પર એલિયન્સની હાજરી હોઈ શકે છે.

શું ખરેખર એલિયન્સ છે? જો તેઓ આ બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવે છે તો તેઓ ક્યાં છે? જો તેઓ જોઈ રહ્યા છે તો તેઓ ક્યાંથી જોઈ રહ્યા છે? ઘણા વર્ષોથી, વિશ્વભરની એજન્સીઓ શોધી રહી છે કે જો આ દુનિયામાં એલિયન્સ છે, તો પછી તેઓ ક્યાં છે? કારણ કે ઘણી વખત એવો દાવો કરવામાં આવ્યો છે કે પૃથ્વી પર એલિયન્સ આવ્યા છે અને તેમના યુએફઓ પણ ઉતરતા જોવા મળ્યા છે. અમેરિકાની વોશિંગ્ટન યુનિવર્સિટીના એક સંશોધકે દાવો કર્યો છે. સંશોધકોએ કહ્યું છે કે અમેરિકન સ્પેસ એજન્સી નાસા ૨૦૩૦ સુધીમાં એલિયન્સની શોધ કરશે.

સંશોધકોએ દાવો કર્યો છે કે ગુરુના ચંદ્ર યુરોપા પર એલિયન્સની હાજરી હોઈ શકે છે. હવે તેમના વિશે જાણવા માટે એક મિશન શરૂ કરવામાં આવશે. ખરેખર, નાસા આ વર્ષે ઓક્ટોબરમાં યુરોપા ક્લિપર નામનું અવકાશયાન અવકાશમાં મોકલવા જઈ રહ્યું છે. યુરોપા ક્લિપર સાડા પાંચ વર્ષ સુધી પ્રવાસ કરશે, ત્યારબાદ તે ગુરુના ચંદ્ર યુરોપા સુધી પહોંચશે. અહીં પહોંચ્યા પછી, તે આ ચંદ્ર પર જીવનના સંકેતો શોધવાનું શરૂ કરશે. તમને જણાવી દઈએ કે આ સ્પેસક્રાફ્ટ બનાવવામાં ૧૭૮ મિલિયન ડોલર એટલે કે ૧૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ઓક્ટોબરમાં લોન્ચ થયા બાદ યુરોપા ક્લિપર ૨૦૩૦ સુધીમાં યુરોપા ચંદ્રની યાત્રા પૂર્ણ કરશે.

ડેઈલી મેલના અહેવાલ મુજબ, વોશિંગ્ટન યુનિવર્સિટીના સંશોધકોની એક ટીમે કહ્યું કે યુરોપા ક્લિપર અવકાશયાન આધુનિક ઉપકરણોથી સજ્જ છે. આ સાધનો યુરોપા ચંદ્રના મહાસાગરોમાંથી નીકળતા બરફના નાના કણોમાં જીવન હાજર છે કે કેમ તે પણ શોધી શકે છે. સાધનો દ્વારા, તે રસાયણો કે જે પૃથ્વી પર જીવન માટે જવાબદાર છે તે પણ શોધી શકાય છે. યુરોપા ચંદ્ર વિશે દાવો કરવામાં આવે છે કે અહીં વિશાળ મહાસાગરો છે અને તેમના પર બરફની મોટી ચાદર છે.

બરફની ચાદરની નીચે જીવન અસ્તિત્વમાં હોઈ શકે છે, જો કે તે હજી સ્પષ્ટ નથી કે એલિયન્સ અહીં અસ્તિત્વમાં છે કે કેમ. દાવો કરવામાં આવી રહ્યો છે કે જો અહીં એલિયન્સ હશે તો પણ તેઓ નાના જીવાણુઓ અથવા બેક્ટેરિયાના રૂપમાં હાજર રહેશે. આ કારણે જ નાસાએ અભ્યાસ માટે યુરોપાને પસંદ કર્યું છે. કારણ કે ત્યાં પાણી છે અને જો પાણી છે તો જીવન પણ રહી શકે છે.

# વોટ્સએપ લાવી રહ્યુ છે જબરદસ્ત ફીચર

### આ ફીચર્સમાંથી એક AI પાવરથી જે ફોટો એડિટિંગના અનુભવને નેક્સ્ટ લેવલ પર લઈ જશે

આજે WhatsApp નો ઉપયોગ ભારત સહિત સમગ્ર વિશ્વમાં કરોડો લોકો કરે છે. કંપની યુઝર અનુભવને બહેતર બનાવવા માટે નવા ફીચર્સ પણ રજૂ કરતી રહે છે. તાજેતરમાં, કંપની ૩ નવી સુવિધાઓનું પરીક્ષણ કરતી જોવા મળી છે.

ખાસ વાત એ છે કે આ ફીચર્સમાંથી એક છેં પાવરથી સજ્જ લાગે છે. જે ફોટો એડિટિંગના અનુભવને નેક્સ્ટ લેવલ પર લઈ જશે. ઉપરાંત, કંપની ચેટ સૂચિમાંથી જ UPI ઊઇ કોડ સ્કેન કરવા માટે એક સરસ અપડેટ લાવી રહી છે. ત્રીજા ફીચરની વાત કરીએ તો કંપની વોઈસ નોટ્સમાં ફેરફાર કરવા જઈ રહી છે.

WhatsApp એક એવી સુવિધાનું પરીક્ષણ કરી રહ્યું છે જે વપરાશકર્તાઓને તેમના ફોટાને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે કે AI દ્વારા એડિટ કરવાની મંજૂરી આપશે. આ ફીચરની મદદથી તમે કોઈપણ ફોટોને રિસ્ટાઈલ કરી શકશો અથવા તેને વિસ્તૃત કરી શકશો. દરમિયાન, કંપની એક એવી સુવિધા પર પણ કામ કરી રહી છે જે વપરાશકર્તાઓને સર્ચ બારમાંથી સીધા જ કંપનીની 'મેટા એઆઈ' સેવાને પ્રશ્નો પૂછવાની મંજૂરી આપશે. ફીચર ટ્રેકર WABetaInfo અનુસાર, આ ફીચર એન્ડ્રોઇડ વર્ઝન ૨.૨૪.૭.૧૩ અપડેટ સાથે જોવામાં આવ્યું છે. જો કે, આ સુવિધા હજુ વિકાસના તબક્કામાં છે. હાલમાં, ફક્ત બીટા વપરાશકર્તાઓ જ આ સુવિધાનો ઉપયોગ કરી શકે છે, પરંતુ એકવાર પરીક્ષણ પૂર્ણ થયા પછી, કંપની તેને દરેક માટે બહાર પાડશે.

તાજેતરના એક રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું છે કે કંપની ચેટ લિસ્ટમાંથી જ UPI ઊઇ કોડને સ્કેન કરવા માટે એક નવું ફીચર લાવી રહી છે. આ સુવિધા ખૂબ ઉપયોગી થશે કારણ કે ભારતમાં ઘણા લોકો પહેલાથી જ પૈસા મોકલવા અને મેળવવા માટે ઉરઢ્ઢંજર્ છ્ પેમેન્ટ્સનો ઉપયોગ કરી રહ્યા છે.

તેથી, આ અપડેટ ઘણા વપરાશકર્તાઓ માટે ખૂબ ફાયદાકારક સાબિત થશે, જે તેમના માટે એપ્લિકેશનની અંદર વ્યવહાર કરવાનું વધુ સરળ બનાવશે.

આ સિવાય કંપની વોઈસ નોટ ફીચરમાં મોટું અપગ્રેડ કરવા જઈ રહી છે જ્યાં તમને વોઈસ નોટની નીચેના ટેક્સ્ટમાં વોઈસ નોટમાં શું છે તેની માહિતી જોવા મળશે. જોકે, આ ફીચર શરૂઆતમાં માત્ર iOS યુઝર્સ માટે જ લોન્ચ કરવામાં આવશે. કંપની તેને પછીથી એન્ડ્રોઇડ યુઝર્સ માટે રજૂ કરશે. આ ફીચર એન્ડ્રોઇડ વર્ઝન ૨.૨૪.૭.૮ પર જોવામાં આવ્યું છે.

# આંતરરાષ્ટ્રીય સ્તરે રૂપિયો ડોલર સામે અડીખમ બની ઉભો રહેશે

### રૂપિયો આંતરરાષ્ટ્રીય મુદ્રા બની જાય તે દિવસો હવે દૂર નથી વિશ્વના ઘણા દેશોએ વિનિમય માટે રૂપિયાને પ્રમાણિત કર્યો છે ધીમે ધીમે ડોલરની જેમ જ રૂપિયો આંતરરાષ્ટ્રીય વિનિમય માટે મહત્વનું સ્થાન લેશે તેવી આશા અસ્થાને નથી



આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

વિશ્વમાં આજે ડોલરનો મુકાબલો કોઈ કરી શકે તેમ નથી સૌથી તાકાત આજે ડોલરની છે એની સામે રૂપિયો સાવ નબળો ગણી શકાય પરંતુ ધીમે ધીમે વિશ્વના ઘણા દેશોએ આંતરરાષ્ટ્રીય વિનિમય માટે રૂપિયાનો સ્વીકાર કર્યો છે એટલે કે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં જે ડોલરમાં ચુકવણી કરવી પડતી હતી તે હવે રૂપિયામાં કરી શકાય તેવી પરિસ્થિતિનું નિર્માણ ધીમે ધીમે થઈ રહ્યું છે

આપણો દેશ આર્થિક રીતે વિશ્વની પાંચમી મોટી ઇકોનોમી બની જશે આમ છતાં આપણા દેશમાં લોકોની માથાદીઠ આવક જેટલી વધવી જોઈએ તેથી વધી નથી વિરોધ પક્ષો ૨૦૨૪ ની ચૂંટણીમાં મોંઘવારીના મુદ્દાને આગળ કરે છે આમ છતાં આંતરરાષ્ટ્રીય સ્તર પર આપણા દેશમાં મોંઘવારીનું પ્રમાણ ઓછું છે

સૌથી મહત્વની વસ્તુ એ છે કે વિશ્વની અંદર ભારતના રૂપિયાની બોલબાલા ધીમે ધીમે વધતી જાય છે. બેન્ક ઓફ ઇન્ડિયા અનુસાર દુનિયાના ૬૪ દેશ ભારત સાથે રૂપિયામાં વેપાર કરવા માટે વાતચીત કરી રહ્યા છે જો વિશ્વના ૩૦ દેશ સાથે ભારતના રૂપિયામાં બિઝનેસ શરૂ થઈ જાય તો રૂપિયો આંતરરાષ્ટ્રીય મુદ્રા બની જશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી.

ભારતીય મુદ્રાને ભારત શા માટે આગળ વધારે છે? હાલના સમયે અમેરિકન ડોલર દુનિયાનું સૌથી શક્તિશાળી ચલણ છે. કુલ વૈશ્વિક વેપારમા તેની ભાગીદારી ૮૦ ટકાની નજીક છે. મતલબ કે. દુનિયા આખીમાં થતા બિઝનેસમાંના ૮૦ ટકાથી વધારે વિનિમય ડોલરમાં જ થાય છે. ભારત સહિતના દુનિયાના ઘણા દેશ વિદેશી આયાત-નિકાસ માટે ડોલર પર જ નિર્ભર રહેતા હતા. જો એમણે કોઈ બીજા દેશ પાસેથી કશું ખરીદવું કે વેચવું હોય તો ડોલરમાં જ ચુકવણી કરવી પકે છે. તેથી તેને દુનિયાનું સૌથી શક્તિશાળી ચલણ માનવામાં આવે છે. હવે તેમાં પરિવર્તનની શરૂઆત થઈ ગઈ છે. ઘણા દેશોએ ભારતીય ચલણમાં વિનિમયની મંજૂરી આપી દીધી છે. તેનાથી ડોલર પરની નિર્ભરતા ઘટશે અને રૂપિયો આંતરરાષ્ટ્રીય બજારમાં મજબૂત થશે. ભારતીની સાથે

રૂપિયામાં વેપાર કરવામાં રસ ધરાવનારા મોટા ભાગના દેશ વિદેશી મુદ્રા ભંડારમાં ડોલરની અછતનો સામનો કરી રહ્યા છે.અત્યાર સુધી અન્ય દેશો સાથેના વેપાર વખતે ડોલર ખર્ચવા પડતા હતા. તેના લીધે વિદેશી મુદ્રા ભંડારમાં ડોલરની ઘટ પડવા માંડી છે. તેથી, દેશના આર્થિક વિકાસદરમાં પણ ઘટ પડે છે અને દેવું પણ વધે છે. પરંતુ અન્ય દેશો સાથે રૂપિયામાં વિનિમયથી ભારતીય વેપાર પર ઓછું જોખમ રહેશે. કાચા તેલ સહિત જે કોઈ ઉત્પાદન અન્ય દેશોમાંથી આયાત કરવામાં આવે તેની ચુકવણી રૂપિયાના માધ્યમથી કરવામાં આવશે. તેનાથી દરવર્ષે અબજો ડોલર બચશે. મુદ્રાની અસ્થિરતા સામે સુરક્ષા મળશે. તેનાથી બેઝનેસનો ખર્ચ પણ ઘટશે અને વેપારનો સારી રીતે વિકાસ થશે. એટલું જ નહીં, ડોલર સહિત વિદેશી મુદ્રા ભંડાર રાખવાની જરૂરિયાત ઓછી ઊભીથશે. વિદેશી મુદ્રા, ખાસ કરીને ડોલર પર નિર્ભરતા ઘટવાના કારણે ભારત પર બહારના પ્રભાવોની ઓછી અસર થશે. એમણે જણાવ્યું કે. રૂપિયામાં વેપાર વધવાની સાથે જ આરબીઆઈને ભારતીય ચલણ માટે ખરીદદાર શોધવાની જરૂર નહીં પડે. તેનાથી ભારતીય રૂપિયાની માગમાં વધારો થશે. વિદેશી બેંકોને કન્વર્ઝન ફી ન મોકલવાના કારણે જે રકમ જમા થશે તે દેશની અંદર કામમાં આવશે. પ્રો. પ્રહલાદ અનુસાર, આંતરરાષ્ટ્રીય વેપારમાં રૂપિયાના ઉપયોગથી આમ નાગરિકને પણ ઘણા લાભ થશે. એમાં સૌથી મોટો લાભ મોંઘવારી સામે મળશે. ઘણા ઉત્પાદનો સસ્તા થઈ શકે છે. ભારત અને અન્ય દેશો વચ્ચે ખાદ્ય તેલ, ડ્રાય-ફ્રુટ્સ, ગેસ, કોલસો, દવાઓ સહિત ઘણી વસ્તુઓનો વેપાર થાય છે.રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અનુસાર. દુનિયાના ૬૪ દેશ ભારત સાથે રૂપિયામાં વેપાર કરવા માટે વાતચીત કરી રહ્યા છે. તેમાં જર્મની, ઇઝરાયલ જેવા મોટા દેશ સામેલ છે પહેલી વાર યુરોપિયન યુનિયનમાં સામેલ દેશ જર્મની એશિયાના કોઈ ચલણ એટલે કે ભારતીય મુદ્રા રૂપિયામાં વેપાર કરવા માટે આગળ આવ્યો છે. જો ૩૦ દેશ સાથે ભારતના રૂપિયામાં બિઝનેસ શરુ થઈ જાય તો પછી રૂપિયો આંતરરાષ્ટ્રીય મુદ્રા બની જશે. રશિયા અને શ્રીલંકાની સાથોસાથ ચાર આફ્રિકન દેશો તેના માટેની મંજૂરી આપી ચૂક્યા છે. તેમના ઉપરાંત ૧૭ દેશ એવા છે જ્યાં ભારતે વોસ્ટ્રો ખાતાં ખોલ્યાં છે. તે અન્ય દેશો સાથે રૂપિયામાં બિઝનેસ માટે અનિવાર્ય છે. આ ૧૭ દેશોમાં ૧૨ ભારતીય બેંકોને મંજૂરી આપવામાં આવી છે. આ લિસ્ટમાં ભારતીય સ્ટેટ બેંક, કેનરા બેંક, યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, યુકો. બેન્ક, એચડીએફસી બેન્ક. ઇન્ડસઇન્ડ બેન્ક, યસ બેંક અને આઇડીબીઆઇ બેંકનો સમાવેશ થાય છે.

શ્રીલંકાની સરકારે પણ ભારતીય રૂપિયાને આંતરરાષ્ટ્રીય મુદ્રા તરીકેની મંજૂરી આપી દીધી છે. હવે ભારત અને શ્રીલંકા વચ્ચે ભારતીય ચલણમાં વેપાર થઈ શકશે. એટલું જ નહીં. ભારતીય નાગરિક શ્રીલંકામાં પર્યટનની દૃષ્ટિએ પણ ભારતીય ચલણનો ઉપયોગ કરી શકશે. શ્રીલંકા એવો પહેલો દેશ નથી જેણે આ રીતે ભારતીય મુદ્રાને પોતાને ત્યાં માન્યતા આપી છે. તેના પહેલાં પણ ઘણા દેશ ભારતીય રૂપિયાને આંતરરાષ્ટ્રીય માન્યતા આપી ચૂક્યા છે. તેનાથી સ્પષ્ટ છે કે દુનિયામાં ભારતીય રૂપિયાની બોલબાલા વધવા લાગી છે. એમ કહીએ કે હવે ભારતીય ચલણ ડોલર અને પાઉન્ડને ટક્કર આપવાની તૈયારીમાં છે, તો તે ખોટું નહીં ગણાય. ચાલો, જાણીએ કે કઈ રીતે દુનિયાભરમાં ભારતીય મુદ્રાનું નામ થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં કેટલા દેશોએ ભારતીય ચલણમાં વેપારને મંજૂરી આપી છે? કેટલા દેશોમાં વોસ્ટ્રો ખાતાં ખૂલવા લાગ્યાં છે? અને તેનો સામાન્ય લોકોને શો લાભ મળશે?

# નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની સફળતાને પચાવી શકતા નથી

## યુકેમાં ભારતીય વિદ્યાર્થીનો લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણી દરમિયાન તેની સામે નફરતની ઝુંબેશ ચલાવવામાં આવી રહી હોવાનો આક્ષેપ



નવીદિલ્હી

સત્યમ સુરાના એક ભારતીય વિદ્યાર્થી છે જે યુકેમાં રહીને લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ ખાતે એલએલએમ કરી રહ્યો છે. થોડા સમય પહેલા જ્યારે યુકેમાં ઉગ્રવાદી તત્વોએ ભારતીય હાઈ કમિશન પર હુમલો ર્યો અનો ભારતીય તિરંગાનું અપમાન કરતા તેને જમીન પર ફેંકી દીધો હતો, તે સમયે ત્યાં હાજર સત્યમ સુરાનાએ ઉગ્રવાદીઓના હુમલાની પણ પરવા કર્યા વગર ભારતીય તિરંગાને ઉપાડી લીધો હતો. ત્યારથી આ ભારતીય વિદ્યાર્થી ચર્ચામાં આવ્યો છે.

હવે તેણે આ વર્ષે લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણી દરમિયાન તેની સામે નફરતની ઝુંબેશ ચલાવવામાં આવી રહી હોવાનો આક્ષેપ કર્યો છે. સત્યમે દાવો કર્યો હતો કે તેને નિશાન બનાવનારાઓ એવા જૂથનો ભાગ છે જે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની સફળતાને પચાવી શકતા નથી અને તેથી આવા ખોટો અને દુષિત પ્રચાર કરે છે. સત્યમે આરોપ લગાવ્યો છે કે, LSEમાં મતદાનના માત્ર ૧૨ કલાક પહેલા, તેની વિરુદ્ધ ખૂબ જ 'સુયોજિત' અભિયાન ચલાવવામાં આવ્યું હતું, કોઈક રીતે તેને ભારતીય જનતા પાર્ટી સાથે જોડી દેવામાં આવ્યો હતો અને તેને 'ફાસીવાદી' ગણાવવામાં આવ્યો હતો તેમ જ તેની ઝુંબેશનો બહિષ્કાર કરવાનું કહેવામાં આવ્યું હતું. તેની એક પોસ્ટમાં ખાલિસ્તાનીઓને આતંકવાદી કહેવા બદલ પણ તેને નિશાન બનાવવામાં આવ્યો હતો.

પુણેમાં જન્મેલા સત્યમે કેટલાક મહિનાઓથી બોમ્બે હાઈકોર્ટમાં પણ પ્રેક્ટિસ કરી છે અને લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં LLM કરી રહ્યો છે અને આ વર્ષના અંતમાં તેનો કોર્સ પૂરો થઈ રહ્યો છે. સત્યમે જણાવ્યું હતું કે ભારત તેનો દેશ છે અને તે હંમેશા તેના દેશની વકાલત કરશે જ. યુકેની કૉલેજની વિદ્યાર્થીસંઘની ચૂંટણીને ભારતના રાજકારણ સાથે શું લેવાદેવા હોઈ શકે એવો સવાલ પણ તેણે કર્યો હતો.

# હૈદરાબાદે IPLનો સર્વોચ્ચ સ્કોર બનાવીને જીત મેળવી

## ક્લાસને ૩૪ બોલમાં ૮૦ રન બનાવ્યા : અભિષેક-હેડની વિસ્ફોટક અડધી સદી

મુંબઈ,

સનરાઈઝર્સ હૈદરાબાદએ ઈન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૨૪માં તેની પ્રથમ જીત હાંસલ કરી છે. ટીમે બુધવારે વર્તમાન સિઝનની ૮મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ૩૧ રનથી હરાવ્યું હતું. હૈદરાબાદે IPL ઈતિહાસનો સૌથી મોટો સ્કોર બનાવ્યો. અગાઉનો રેકોર્ડ RCBના નામે હતો. બેંગલુરુએ ૨૦૧૩ની સિઝનમાં પુણે વોરિયર્સ સામે ૨૬૩ રન બનાવ્યા હતા.

રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં બુધવારે મુંબઈએ ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. હૈદરાબાદે ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૨૭૭ રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૪૬ રન જ બનાવી શકી હતી. પેટ કમિન્સ અને જયદેવ ઉનડકટે ૨-૨ વિકેટ લીધી હતી.

હૈદરાબાદ તરફથી અભિષેક શર્માએ ૨૩ બોલમાં ૬૩ રન, ટ્રેવિડ હેડે ૨૪ બોલમાં ૬૨ રન અને હેનરિક ક્લાસને ૩૪ બોલમાં ૮૦ રન બનાવ્યા હતા. એડન માર્કરમે ૨૮ બોલમાં ૪૨ રનનું યોગદાન આપ્યું હતું. હાર્દિક પંડ્યા અને ગેરાલ્ડ કોત્ઝીને એક-એક વિકેટ મળી હતી.

# 'તારક મહેતા...' ફેમ જેનિફર બંસીવાલ જાતીય સતામણીનો કેસ જીતી

## અસિત કુમાર મોદી દોષિત : મેકર્સ એક્શન મોડમાં આવ્યા

મુંબઈ,

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ જેનિફર બંસીવાલે જાતીય સતામણીનો કેસ જીતી લીધો છે અને શોના નિર્માતા અસિત કુમાર મોદીને દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ શોમાં ૧૫ વર્ષ સુધી કામ કરનાર જેનિફરે તેના નિર્માતા અસિત કુમાર મોદી વિરુદ્ધ માનસિક અને યૌન ઉત્પીડનનો કેસ નોંધાવ્યા બાદ શો છોડી દીધો હતો. આ પછી અભિનેત્રીએ અસિત કુમાર મોદી, સોહિલ રોમાની અને





જતીન વિરુદ્ધ પોલીસ કેસ કર્યો હતો. લાંબા સમયથી ચાલી રહેલા આ કેસમાં જેનિફરે જીત મેળવી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ મામલામાં શોના પ્રોડ્યુસર અસિત કુમાર મોદીને દોષી ઠેરવવામાં આવ્યા છે અને તેમને એક્ટ્રેસને ૨૫ લાખ રૂપિયાની બાકી રકમ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, અસિત વિરુદ્ધ કેસ દાખલ કરવાની સાથે, જેનિફરે શોના પ્રોજેક્ટ હેડ સોહેલ રોમાની અને એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર જતીન પર તેની સાથે ગેરવર્તનનો આરોપ પણ લગાવ્યો હતો.

# મૉસ્કોમાં થયેલા આતંકી હુમલા પાછળ ત્રણ દેશોનો હાથઃ રશિયાનો આરોપ

મોસ્કો,તા.૨૭

રશિયાના મોસ્કો શહેરના ક્રૉકસ સિટી કન્સર્ટ હોલમાં ૨૨ માર્ચે આતંકવાદી હુમલો થયો હતો, જેમાં અત્યાર સુધીમાં ૧૩૯ લોકોના મોત થયા છે. આતંકવાદીઓએ કન્સર્ટ હૉલમાં ઘુસી આડેધડ ગોળીબાર કર્યો હતો. એટલું જ નહીં બોંબ ધડાકા પણ કર્યા હતા, જેના કારણે બિલ્ડીંગના એક ભાગ ધરાશાઈ થયો હતો અને આગ પણ લાગી ગઈ હતી. ઘણા વર્ષો બાદ રશિયામાં આવો ઘાતક આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલાની જવાબદારી આઈએસઆઈએસ કેએ લીધી હતી, જોકે રશિયાની ગુપ્તચર એજન્સી ફેડરલ સિક્યોરિટી સર્વિસ હુમલા પાછળ ત્રણ દેશો પર મોટો આક્ષેપ કર્યો છે.

રશિયાની ગુપ્તચર એજન્સીએ આતંકવાદી હુમલા પાછળ અમેરિકા, યુકે અને યુક્રેનનો હાથ હોવાનો આક્ષેપ કર્યો છે. એજન્સીએ કહ્યું કે, હુમલાની જવાબદારી આઈએસઆઈએસ કેએ લીધી છે, જોકે આ ત્રણેય દેશોએ હુમલાનું ષડયંત્ર રચ્યું છે. આતંકી હુમલામા મૃતકોની સંખ્યા ૧૩૯ પર પહોંચી ગઈ છે. હુમલામાં ૨૦૦થી વધુ ઈજાગ્રસ્ત થયા છે, જેમાં ઘણા લોકોની સ્થિતિ ગંભીર હોવાનું કહેવાય છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને હુમલામાં મૃત્યુ પામેલાઓને શ્રદ્ધાંજલી આપી છે. ઘટનાને અંજામ આપનાર ચાર આતંકવાદીઓ સહિત અન્ય આરોપીઓની ધરપકડ કરાઈ છે, જેમાં આતંકીઓએ નાણા માટે હુમલો કર્યો હોવાનો ખુલાસો કર્યો છે.

આ હુમલો પુતિનના ફરી રાષ્ટ્રપતિ બન્યાના કેટલાક દિવસો બાદ થયો હતો. આ હુમલો છેલ્લા કેટલાક વર્ષોમાં રશિયામાં થનારો સૌથી ઘાતક હુમલો હતો.

# નવાઝુદ્દીન સિદ્દીકીએ છૂટાછેડા પછી પત્ની આલિયા સાથે પેચ અપ કર્યું!



મુંબઈ,

નવાઝુદ્દીન સિદ્દીકી અને તેની પત્ની વચ્ચેનો અણબનાવ કોઈનાથી છુપાયેલો નથી. આ અંગે બંનેએ સોશિયલ મીડિયા પર ખુલીને વાત કરી અને એકબીજા પર ગંભીર આરોપો પણ લગાવ્યા. બંને વચ્ચે ઝઘડો એટલો વધી ગયો કે મામલો કોર્ટ સુધી પહોંચ્યો. એક તરફ આલિયાએ છૂટાછેડાનો કેસ દાખલ કર્યો હતો, તો બીજી તરફ તે પોતાના બાળકો સાથે અલગ રહેવા લાગી હતી. આ બધા વિવાદ વચ્ચે આલિયા પણ 'બિગ બોસ ઓટીટી-૨ ની સ્પર્ધક બની હતી. હવે આલિયાએ એક પોસ્ટ શેર કરીને લોકોને ચોંકાવી દીધા છે. આ પોસ્ટ જોઈને લાગે છે કે આલિયા અને નવાઝુદ્દીન સિદ્દીકી વચ્ચે ફરી એકવાર પેચ અપ થઈ ગયો છે.

# આંખોના પલકારે બિમારીઓનું નિદાન કરી શકાશે

## ગૂગલની એઆઈ સિસ્ટમ ટીબી અને અન્ય રોગોને શોધી કાઢશે




મુંબઈ,

અપોલો રેડિયોલોજી ઈન્ટરનેશનલ ગૂગલના AI મોડલને ભારતીયો સુધી લઈ જશે. તેઓ આગામી ૧૦ વર્ષ માટે ફ્રી સ્ક્રીનિંગ પ્રદાન કરશે. આવી સ્થિતિમાં ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો માટે ફાયદાકારક સાબિત થશે.

ભારતીય ટેક્નોલૉજી ક્ષેત્રમાં ક્રાંતિ થઈ છે. ગૂગલનું એ.આઈ. અપોલો રેડિયોલૉજી ઈન્ટરનેશનલ સાથે સહયોગી છે જે હેલ્થકેર સોલ્યશન આપે છે. જેથી બિમારીઓને શરૂઆથથી જ નિદાન લાવી શકાય છે. આ નવી ટેક્નોલોજી પ્રારંભિક તબક્કામાં ટીબી, સ્તન કેન્સર અને ફેફસાના કેન્સર જેવા ખતરનાક રોગોને શોધવામાં મદદ કરશે. પ્રારંભિક તબક્કામાં રોગને શોધી કાઢવાથી, અપ્રિય ઘટનાઓને અટકાવી શકાય છે.

અહેવાલો અનુસાર, દર વર્ષે ૧ કરોડથી વધુ લોકો ટીબીથી સંક્રમિત થાય છે. તેમાંથી ૧૩ લાખ લોકો આ બીમારીને કારણે મૃત્યુ પામે છે. ટીબીના કારણે સૌથી વધુ મૃત્યુ દક્ષિણ એશિયા અને આફ્રિકાના પ્રદેશોમાં થાય છે. ટીબીનો ઈલાજ થઈ શકે છે, પરંતુ સારવારમાં વિલંબ થવાને કારણે આ રોગ અન્ય લોકોને પણ ચેપ લગાડે છે. ટીબીને શોધવા માટે છાતીના એક્સ-રેનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે ભારતમાં આ સુવિધા ઉપલબ્ધ નથી.

# અમેરિકાના આર્ટેશિયામાં NRI દ્વારા હોળી-ધૂળેટી પર્વની ધામધૂમથી ઉજવણી

## ભારતીય અને નેપાળી લોકોએ હોળી-ધૂળેટી પર્વની ઉજવણી કરી

મુંબઈ

માત્ર ભારતમાં જ પરંતુ જ્યા પણ ભારતીય રહેતા હોય છે તે જગ્યાએ ભારતીય તહેવારો ઉજવાતા હોય છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, ઈન્ડો અમેરિકન કલ્ચરલ સોસાયટી ઓફ નોર્થ અમેરિકા મધેશી એસોસિયેશન અને આર્સેટિયા ચેમ્બરના સહયોગથી અમેરિકાના કેલિફોર્નિયાના આર્સેટિયા ખાતે હોળી-ધૂળેટીની ઉજવણી કરવામાં આવી હતી. નોંધનીય છે કે, આ તહેવારની ઉજવણીમાં ભારતીય અને નેપાળી સમુદાયના લોકો જાડાયા હતાં.

અમેરિકાના કેલિફોર્નિયાના આર્સેટિયા ખાતે ભારતીય અને નેપાળી સમુદાયના લોકો દ્વારા હોળી-ધૂળેટી પર્વની ઉજવણી થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જાડાયા હતા. આ પ્રસંગે સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પણ હાજરી આપી હતી. વિવિધ રમતો રમાઈ હતી. જેમાં વિજેતાઓને પુરસ્કારો પણ અપાયા હતા. રંગોના પર્વ ધૂળેટીની ભારતમાં તો ઉજવણી થઈ હતી તો સાથે અમેરિકામાં વસતા ભારતીય અને નેપાળી મૂળના લોકોએ સામુહિક રીતે ધૂળેટી પર્વની ઉજવણી કરી હતી.

# તાપસી પન્નુએ ચોરી છુપીથી ગોલ્ડ મેડલિસ્ટ સાથે લગ્ન કરી લીધા

મુંબઈ

બોલિવુડ અભિનેત્રી તાપસી પન્નુએ લગ્ન કરી લીધા છે. જી હા રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે, અભિનેત્રીએ હાલમાં ઉદયપુરમાં બોયફ્રેન્ડ બેડમિન્ટન પ્લેયર મૈથિયાસ સાથે લગ્ન કર્યા છે.આ લગ્ન શનિવાર ૨૩ માર્ચના રોજ થયા છે. તેમણે આ લગ્નમાં તેમના પરિવારના કેટલાક સભ્યો તેમજ અંગત લોકોને જ બોલાવ્યા હતા. જેમાં અનુરાગ કશ્યપ અને પાવેલ ગુલાટી પણ સામેલ છે.

બોલિવુડ સેલિબ્રિટીઓને લગ્નમાં સામેલ કરવામાં આવ્યા ન હતા. શાહરુખ ખાનની સાથે ડંકીમાં જોવા મળેલી તાપસીએ તેમના લગ્નમાં ડાયરેક્ટર અને મિત્ર અનુરાગ કશ્યપને જ બોલાવ્યા હતા. તેમજ થપ્પડના કો સ્ટાર પાવેલ ગુલાટી પણ મહેમાનોની લિસ્ટમાં સામેલ હતો. અનુરાગ કશ્યપ અને તાપસી ખુબ સારા મિત્રો છે.

પાવેલ ગુલાટીએ લગ્નનો એક ફોટો શેર કર્યો છે. જેમાં કોમેડિયન અને અભિનેતા અભિલાષા થપિયાલ પણ જોવા મળી રહ્યો છે, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, લગ્ન બાદ તાપસી ટુંક સમયમાં બોલિવુડ સ્ટાર માટે મુંબઈમાં એક પાર્ટીનું આયોજ કરશે. લગ્નના રિસેપ્શનની જાહેરાત ટુંક સમયમાં થશે.

તાપસી પન્નુ અને બેડમિન્ટન ખેલાડી મૈથિયાસ બોય અંદાજે ૧૦ વર્ષથી એક બીજાને ડેટ કરી રહ્યા હતા. તાપસી અને મૈથિયાસ પહેલી વખત ૨૦૧૩માં ઈન્ડિયન બેડમિન્ટન લીગના ઉદ્ઘાટન સમારોહમાં મળ્યા હતા. પરંતુ ક્યારે પણ બંન્ને તેમના સંબંધો વિશે જાહેરમાં કશું કહ્યું નથી.





# ભારત અને ઓસ્ટ્રેલિયા ૨૨ નવેમ્બરથી ટેસ્ટ શ્રેણીમાં થશે આમને-સામને

મુંબઈ,

આઈપીએલ ૨૦૨૪ હમણાં જ શરૂ થયું છે. તે હમણાં જ તેના બીજા સપ્તાહમાં પ્રવેશ્યું છે. આ દરમિયાન ટીમ ઈન્ડિયાની મોટી શ્રેણીની જાહેરાત કરવામાં આવી છે. તેની તારીખો જાહેર કરવામાં આવી છે. ભારતની આ ક્રિકેટ શ્રેણી ઓસ્ટ્રેલિયા સાથે હશે, જે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતવા માટે રમાશે. લાલ બોલની ક્રિકેટની આ શ્રેણીની જાહેરાત ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા કરવામાં આવી છે, જે અંતર્ગત ભારતે ૪૬ દિવસમાં કાંગારૂ ટીમ સામે ૫ ટેસ્ટ રમવાની છે. જો કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની આ ટેસ્ટ શ્રેણીની જાહેરાત પહેલાથી જ કરવામાં આવી હતી, પરંતુ તેની તારીખો ત્યારે જાહેર કરવામાં આવી ન હતી. તેમજ મેચના સ્થળ પર કોઈ સત્તાવાર મહોર લગાવવામાં આવી ન હતી. પરંતુ હવે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીનું સંપૂર્ણ શેડ્યૂલ સત્તાવાર રીતે જાહેર કર્યું છે.

ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૨ નવેમ્બરથી ટેસ્ટ શ્રેણી શરૂ થશે. પ્રથમ ટેસ્ટ પર્થમાં રમાશે. આ પછી, બીજી ટેસ્ટ માટે, બંને ટીમો લગભગ ૩૦૦૦ કિલોમીટરનું અંતર કાપીને એડિલેડ પહોંચશે, જ્યાં ૬ થી ૧૦ ડિસેમ્બરની વચ્ચે મેચ રમાશે. આ ડે-નાઈટ ટેસ્ટ હશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રીજી ટેસ્ટ બ્રિસ્બેનના ગાબા ખાતે રમાશે. આ મેચ ૧૪ થી ૧૮ ડિસેમ્બર વચ્ચે રમાશે.

# કુંડલી રેલવે ફાટક પાસે ટ્રેન નીચે પડતું મુકી પિતા-પુત્રનો આપઘાત

## ઘટનાની જાણ થતા પોલીસ અને રેલવેના અધિકારીઓ દોડી ગયા, સમગ્ર પંથકમાં ચકચાર

ભાવનગર, તા.૨૮

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના ધારપીપળા ગામના પિતા-પુત્રએ કુંડલી ગામ પાસે આવેલ રેલવે ફાટક નજીક ટ્રેન નીચે પડતુ મુકી મોતને વહાલું કરતા ચકચાર મચી જવા પામી હતી.

બોટાદના કુંડલી ગામ પાસે આવેલ રેલવે ફાટક નજીક ગત રાત્રીના ટ્રેન નીચે પડતું મુકી પિતા-પુત્રએ આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી હતી. બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના ધારપીપળા ગામના હરસુખ પ્રભુભાઈ સાંકળીયા તેના પુત્ર કુલદીપ સાથે કુંડલી ગામ પાસે આવેલ રેલવે ફાટક નજીક બોટાદથી સુરેન્દ્રનગર તરફ જતી ટ્રેન નીચે પડતું મુકી પિતા-પુત્રએ આપઘાત કર્યો હતો.

આ બનવા બનતા લોકોના ટોળે ટોળા દોડી આવ્યા હતા. જ્યારે ઘટનાની જાણ થતા પોલીસ અને રેલવેના અધિકારીઓ પણ તુરંત ઘટના સ્થળે દોડી આવ્યા અને આગળની તપાસ હાથ ધરી હતી. પિતાએ તેના માસુમ પુત્ર સાથે ક્યા કારણોસર ટ્રેન નીચે પડતું મુકી આપઘાત કર્યું જેને લઈને પોલીસે તપાસ હાથ ધરી છે. પિતા-પુત્રના આપઘાતને લઈને સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

# આંતર રાજ્ય કાર ચોરીનો પર્દાફાશ કરતી બોટાદ LCB

## બોટાદના નાગલપર ગામેથી ૧ કરોડ ૨૧ લાખની ૮ ચોરાઉ કાર સાથે એક આરોપી ઝડપાયો





બોટાદ, તા.૨૮

બોટાદ LCB પોલીસે આંતરરાજ્ય કાર ચોરીનો પર્દાફાશ કર્યો છે. બોટાદના નાગલપર ગામે LCB પોલીસને મળેલી બાતમીના આધારે રેડ કરતા નાગલપર ગામના તુલસીભાઈ કાનજીભાઈ ઠોળીયા નામના શખ્સ પાસેથી અલગ અલગ ૮ ચોરાઉ કારો મળી આવી હતી. પોલીસે વધુ તપાસ કરતા આ શખ્સ દિલ્હી તેમજ અન્ય રાજ્યોમાંથી ચોરાઉ કારો લાવી સસ્તા ભાવે વેચતો હોવાનું બહાર આવતા LCB પોલીસે ફોર્ચ્યુન, કેરેટા, સહિત ૮ કારનો કબ્જો લઈને કુલ રૂપિયા ૧ કરોડ ૨૧ લાખ ૪૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

બોટાદ LCB પોલીસે આંતરરાજ્ય કાર ચોરીનો પર્દાફાશ કર્યો હતો. બોટાદના નાગલપર ગામેથી LCB પોલીસે ૮ ચોરાઉ કાર સાથે નાગલપર ગામના તુલસી કાનજીભાઈ ઠોળીયા નામના શખ્સની ધડપકડ કરી હતી. તુલસી ઠોળીયા અન્ય રાજ્યોમાંથી ચોરાઉ કાર લાવી વેપાર કરતા હતા. તુલસી ઠોળીયા નામનો શખ્સ દિલ્હી સહિત અન્ય રાજ્યોમાંથી ચોરાઉ કાર લાવી સસ્તા ભાવે વેંચતો હતો. કાર ચોરીમાં બ્રીજેશ વિનુભાઈ મોણપરા સુરત તેમજ રમેશભાઈ મેરામભાઈ હાડગડા નાગલપર નાઆરોપીના નામ ખુલ્યા હતા જે હાલ ફરાર છે. LCBએ ચોરાઉ ૮ કાર સહિત કુલ રૂ. ૧ કરોડ ૨૧ લાખ ૪૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને આરોપીને પકડી અન્ય ફરાર આરોપીઓને પકડવા વધુ તપાસ હાથ ધરી હતી.

# ૨૮.૮ ડિગ્રી સાથે રાત્રીના પણ અસહ્ય ગરમીની થઈ શરૂઆત



## શહેરમાં ચાર દિવસમા રાત્રીના તાપમાનમાં ૪.૭ ડિગ્રીનો વધારો, પવનની ઝડપ ઘટી અને ભેજ વધતા અસહ્ય બફારાનો અનુભવ

ભાવનગર, તા.૨૮

રાજ્યના હવામાન વિભાગ દ્વારા ચાર દિવસ સુધી સમગ્ર સૌરાષ્ટ્રમાં કાળજાળ ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે અને યલો એલર્ટ જાહેર કરાયેલું છે. જેના પગલે ભાવનગર શહેરમાં છેલ્લા બે દિવસથી દિવસના તાપમાનનો પારો ઉંચકાયો છે અને ઉનાળા જેવી અસહ્ય ગરમી પડી રહી છે ઉપરાંત રાત્રિના સમયમાં પણ તાપમાનમાં છેલ્લા ચાર દિવસમાં ૪ ૭ ડિગ્રીનો વધારો થતા લોકો ભારે અકળામણ અનુભવી રહ્યા છે. ઉનાળાના પ્રારંભ સાથે જ આકરો તાપ પડતા બાળકો અને વડીલો મુશ્કેલીમાં મુકાયા છે.

હવામાન વિભાગ દ્વારા ચાર દિવસ સુધી ગરમી પડવાની કરેલી આગાહીના પગલે સૌરાષ્ટ્ર અને ગુજરાતના મોટા ભાગના શહેરમાં મહતમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રી વટાવી ચુક્યો છે. તેની સાથે ભાવનગર શહેરમાં પણ ગઈકાલે બુધવારે મહતમ તાપમાન ૩૮.૬ ડિગ્રીએ પહોચ્યુ હતુ અને ગરમ પવનની ઝડપ પણ વધતા જેના કારણે બપોરના સમયે રસ્તા પરથી ગરમ લૂ ફૂકાઈ હતી જેથી ભારે અકળામણ સાથે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. ઉનાળાની સિઝન શરૂ થતાની સાથે જ તાપમાન. ૪૦ ડિગ્રી નજીક પહોચતા આકરી ગરમીનો અનૂભવ લોકોએ કર્યો હતો.

દિવસ ભર ગરમીનો સામનો કર્યા બાદ રાત્રીના ઠંડક રહેશે તેવી લોકોની આશા પણ ઠગારી નિવડી હતી. રાત્રી દરમ્યાન પવનની ઝડપ ઘટી જવા પામી હતી અને ભેજનુ પ્રમાણ ૪૯% થઈ જવા ઉપરાંત રાત્રીના તાપમાનમાં પણ વધારો થતા ગરમી સાથે બફારાનો અનુભવ કર્યો હતો અને રાતના એસી ફુલ કરવા પડ્યા હતા. ગત રાત્રીનુ તાપમાન ૨૮.૮ ડિગ્રી નોંધાયુ હતુ. આમ છેલ્લા ચાર દિવસમાં ભાવનગરમાં મહતમ તાપમાનમાં ૩ ડિગ્રી તથા લઘુતમ તાપમાનમાં ૪.૭ ડિગ્રીનો વધારો થવા પામ્યો છે. આજે ગુરુવારે પણ સવારથી જ ગરમીનો માહોલ છવાયો છે.

# સિહોરથી ઘાંઘળી તરફ જતા માર્ગ પર નિર્માણ થશે રેલવે ઓવરબ્રીજ

## ભાજપ અગ્રણી કિશોર ભટ્ટની રજૂઆતને સફળતા : રેલવે ક્રોસિંગ પર ઓવરબ્રીજ બનાવવા માટે ડાઈવર્ઝન કઢાશે

ભાવનગર, તા.૨૮

સિહોર-ભાવનગર રેલવે લાઇન પર આવેલ વલ્લભીપુર-સિહોર રોડ પરના રેલવે ક્રોસિંગ (એલસી-૨૦૫ બી) પર ઓવરબ્રીજ બનાવવા માટેનું કામ ડાઈવર્ઝન કઢાયા બાદ શરૂ કરવામાં આવશે. ડાઈવર્ઝન કાઢવા અંગે સંબંધિત વિભાગ સાથે ચર્ચા થશે અને પછી જાહેરનામું પ્રસિદ્ર કરવા જિલ્લા કલેકટર સમક્ષ દરખાસ્ત કરાશે તેમ જાણવા મળ્યું છે. ભાજપ અગ્રણી અને વંદે માતરમ સેવા સંઘના પ્રમુખ કિશોર ભટ્ટની લાગલગાટ રજૂઆતો આખરે ફળી છે.

સિહોરથી ઘાંઘળી તરફ જતા માર્ગ પરના આ રેલવે ક્રોસિંગના કારણે થતી ટ્રાફિક સમસ્યા નિવારવા અને લોકોને થતી હાલાકી દુર કરવાનો હેતુથી ઓવરબ્રીજ બનાવવામાં આવનાર છે.આ માટેનું ટેન્ડર ચુંટણી જાહેર થયા પૂર્વ મંજુર થઇ ગયું છે. કોન્ટ્રાકટરને એલઓઆઇ પણ ઈસ્યુ કરી દેવાયેલ છે. એટલે આગામી ટુંક સમયમાં આ ઓવરબ્રીજનું કામ શરૂ કરવામાં આવનાર છે. આ કામનો પ્રારંભ કરવા માટે ડાઈવર્ઝન આપવું આવશ્યક છે. જેથી ઓવરબ્રીજનું કામ ચાલે તે દરમિયાન નાના મોટા વાહનોને જવા-આવવામાં કોઈ અડચણ ન રહે અને પરિવહન સરળતાપૂર્વક ચાલતું રહે.આ માટે સંબંધિત વિભાગોને સાથે રાખીને ચર્ચા વિચારણા કરાશે અને બાદમાં,જિલ્લા કલેકટર સમક્ષ ડાઈવર્ઝન અંગેના જાહેરનામા સંદર્ભે દરખાસ્ત કરવામાં આવશે.તેમ ભાવનગર સ્થિત જીયુડીસી લિ.ના પ્રોજેકટ ઈમ્પલીમેન્ટેશન યુનિટના મેનેજર (પ્રોજેકટ્સ)ના ગોવિંદભાઇ પટેલે જણાવ્યું હતું.

# આચારસંહિતાના પગલે મ્યુ. સ્ટેન્ડીંગ કમિટી મિનિટોમાં જ આટોપાઈ, ત્રણ ઠરાવને બહાલી

## કંસારા પ્રોજેક્ટમાં મંથર ગતિના કારણે મચ્છરોનો ત્રાસ વધતા મુદ્દો ચર્ચાયો



તસવીર : મૌલીક સોની


ભાવનગર, તા.૨૮

ભાવનગર મહાપાલિકામાં સ્ટેન્ડીંગ કમિટીની બેઠક બુધવારે સાંજે બંધ બારણે મળી હતી.આ બેઠકમાં ત્રણેય ઠરાવને બહાલી અપાઈ હતી. ચુંટણી આચારસંહિતાના કારણે બેઠક ગણતરીની મિનિટોમાં આટોપાઈ હતી.

ભાવનગર મહાનગર પાલિકાનાં પદાધિકારીઓ તથા કર્મચારીઓની ક્રિકેટ ટીમો અમદાવાદ ખાતે ઓલ ગુજરાત ઈન્ટર કોપોરેશન ઈન્વીટેશન ટી-૨૦ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૪માં ભાગ લીધેલ હતો, જે અન્વયે મેયર-૧૧ અને કમિશ્નર-૧૧ ટીમની માંગણી મુજબ ૩૬ ખેલાડી માટે શુઝ,ટ્રેક લોવર,ટ્રેક ટી-શર્ટ રૂ.૧,૧૧,૬૦૦/- નાં ખર્ચે ખરીદવાની કમિશ્નરએ મંજુરી આપી હતી,જેની હકીકત જાહેર કરાઈ હતી.

આ ઉપરાંત ડ્રેનેજ વિભાગના સીમ્સ ડ્રેઈન સાફ કરવા હેડે તુટ પડતા ડ્રેનેજ વિભાગનાં પમ્પીંગ સ્ટેશન (વાર્ષિક કોન્ટ્રાકટ) હેડેથી રૂ.૫૦,૦૦,૦૦૦/-રી.એ.ફોર્મની વિગતે રી.એ. કરવાની મંજુરી આપવા નિર્ણય લેવાયો હતો. જ્યારે કંસારા પ્રોજેક્ટ મંથર ગતિએ આગળ ધપી રહ્યો છે જેના કારણે શહેરમાં હાલના સંજોગોમાં મચ્છરોનો અસહ્ય ત્રાસ વધ્યો છે. આ મુદ્દો સ્ટેન્ડીંગમાં ચર્ચાયો હતો. જો કે, શાસકો કડકાઈથી અને સમયસર કામ લેવામાં નબળા સાબિત થયા છે.

# બોલો..વલભીપુરમા પરીક્ષા બાદ ફાડેલી કાપલીઓનો વરસાદ : કેટલી ચોરી થઈ હશે!



વલભીપુર, તા.૨૮

ગુજરાત રાજ્ય માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિભાગ દ્વારા ૧૧ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ કરવામાં આવી હતી જે ગઈકાલે તારીખ ૨૬ માર્ચે સામાન્ય પ્રવાહના છેલ્લા પેપર સાથે પૂર્ણ થઈ હતી પરીક્ષામાં કેટલાક કોપી કેસ પણ નોંધાયા હતા. પરંતુ ગઈકાલે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના અંતિમ સમાજશાસ્ત્રના પેપરમાં વલભીપુર ખાતે ગંભીરસિંહ હાઈસ્કૂલના કેન્દ્રમાં પરીક્ષા પૂર્ણ થયા બાદ બહાર નીકળેલા વિદ્યાર્થીઓએ સાથે લઈ ગયેલ કાપલીઓ ફાડીને રસ્તા પર ઉડાડતા રસ્તા પર ફાટેલી કાપલીઓથી રોડ ઢંકાઈ જવા પામ્યો હતો.

વલભીપુર ગંભિરસિંહજી હાઈસ્કુલ કેન્દ્ર ખાતે ગઈકાલે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનુ છેલ્લુ સમાજશાસ્ત્રનુ પેપર હતુ અને પેપરનો સમય પુરો થયા બાદ બહાર નિકળી ચોરી કરવા માટે સાથે લઈ ગયેલ કાપલીઓનો વિધર્થીઓએ ફાડીને તેનો વરસાદ હાઈવે પર કરતા હાઈવે કાપલીઓથી ઢંકાઈ ગયો હતો. આટલી મોટી સંખ્યામાં કાપલીઓ પરીક્ષા કેન્દ્રમાં લઈ જવાઈ અને સંચાલકને કે સ્કવોર્ડને ખબર પણ નહી હોય. તો પરીક્ષામાં ચોરી કેટલી થઈ હશે. તેનો અંદાજ લગાવી શકાય છે.

## નવા ઓળખપત્રમાંથી 10% કાર્ડ FSLમાં મોકલવા ચૂંટણીપંચનો આદેશ

રાજકોટ:

કેન્દ્રીય ચૂંટણી પંચે નવા ઓળખપત્ર કાર્ડ અંગે મહત્ત્વનો નિર્ણય જાહેર કર્યો છે જે મુજબ નવા ઓળખકાર્ડમાંથી ૧૦ ટકા રેન્ડમલી ચૂંટણી પંચમાં મોકલવા તાકીદ કરી છે. ગુજરાતમાં આ માટે બે જિલ્લાની પસંદગી કરવામાં આવી છે.રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્રના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર ચૂંટણી પંચે નવા મતદારો માટે જ નવા ઓળખપત્ર કાર્ડ બનાવવાની કામગીરી જે એજન્સીને સોંપી છે અને નવા ઓળખપત્ર કાર્ડ બની ગયા છે તેમાંથી ૧૦ ટકા જેટલા કાર્ડ રેન્ડમલી પસંદ કરી એફએસએલમાં મોકલવા ચૂંટણી પંચે સૂચના આપી છે. આ માટે ગુજરાતમાં હાલમાં પોરબંદર અને અરવલ્લી જિલ્લાની પસંદગી કરાઈ છે.

## અવસાન નોંધ

**શ્રીમાળી બ્રાહ્મણ મરણ**

સ્વ રમણીક લાલ ડાયાલાલ ત્રિવેદી (કાજુપૂરી વાળા)ના પુત્ર દિપકભાઈ ત્રિવેદી (નટરાજ મેડિક્લવાળા, બોરતળાવ)(ઉ.વ.૬૦) તા.૨૬ને મંગળવારે અક્ષરધામ થયેલ છે. તે ઇલાબેન દીપકભાઈ ત્રિવેદીના પતિ, દિશા કેયુરકુમાર ત્રિવેદી, ધ્રુવ દીપકભાઈ ત્રિવેદીના પિતા, દિગંતભાઈ રમણીકભાઈ ત્રિવેદી (મહાદેવ મેડિક્લ આણંદનગર)ના મોટાભાઈ, સંગીતાબેન દીગંતકુમાર ત્રિવેદીના જેઠ, હિરવા આનંદકુમાર ઓઝા, બિરેન દિગંતભાઈ ત્રિવેદીના મોટા પપ્પા તેમજ સ્વ.લલીતભાઈ ત્રિવેદી (અમદાવાદ)ના જમાઈ સ્વ.કલ્પેશભાઈ ત્રિવેદી, મીનાબેન નીતિનકુમાર ત્રિવેદીના બનેવી થાય તેમની બંને પક્ષની સાદડી તા.૨૮ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૭ રાખેલ છે. સ્વામિનારાયણ મંદિર આનંદ નગર ભાવનગર રાખેલ છે.

**ક્ષત્રીય મરણ**

જાડેજા ચંદુભા રજુભા (ઉ.વ.૭૮, ગામ ખાખડા બેલા નં.૬) તેઓ તા.૨૭ને બુધવારે સ્વર્ગવાસ પામેલ છે. તેઓ ભંડારિયાના સ્વ.મંગળસિંહ જીતુભા, સ્વ.દિલુભા (રાજા), સ્વ.પોપટભા, સ્વ.નીરૂભા, વનરાજસિંહ જીતુભા, પ્રદ્યુમનસિંહ છનુભા, સુખુભા બહાદુરસિંહના બનેવી, કનકસિંહ હેમુભા, વિરભદ્રસિંહ લાલુભા, હરિચંદ્રસિંહ, હરદેવસિંહ, વિજયસિંહ, યોગેન્દ્રસિંહ, મહેન્દ્રસિંહ, પી.ડી. ગોહિલ, હરિસિંહ, બળદેવસિંહના ફુવા થાય. તેઓનું બેસણુ ભંડારિયા મોટી ડેલી મુકામે તા.૧-૪ને સોમવારે સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી રાખેલ છે. એક દિવસ માટે બેસણુ રાખેલ છે.

# ભાવ. એરપોર્ટ પર મોકડ્રીલ : એક આતંકીને ઠાર માર્યો,એકને જીવતો પકડવામાં સુરક્ષા જવાનોને સફળતા



તસવીર : મૌલીક સોની

ભાવનગર વિમાન મથકમાં બુધવારે બપોરે આતંકવાદીઓ પ્લેન હાઈજેક કરવા ઘુસ્યાના વાવડથી સુરક્ષા એજન્સીઓને દોડતી કરી દીધી હતી. સીઆઈએસએફ ઉપરાંત એલસીબી, એસઓજી,ડોગ સ્કવોડ, ઘોઘારોડ પોલીસ, એમ્બયુલન્સ, ફાયરની ટીમ તાબડતોડ એરપોર્ટ પહોચી હતી. જો કે, આ મોકડ્રીલ હોવાનું ખુલતા સુરક્ષા દળોએ રાહતનો શ્વાસ લીધો હતો. વિમાન મથકમાં પ્લેન હાઈજેંક કરવા કાળા કપડાં પહેરેલા બે આંતકવાદી ધુસી ગયા હતાં. જેના જાણ થતાં જ તાત્કાલિક સીઆઈએસએફના જવાનો ઉપરાંત ડિવાયએસપી, એલસીબી, એસઓજી, ડોગ સ્કવોડ, ઘોઘારોડ પોલીસના સ્ટાફે તાબડતોડ દોડી જઈ મોરચો સંભાળી લીધો હતો અને સમગ્ર એરપોર્ટને કોર્ડન કરી આશરે બેથી અઢી કલાક સુધી ઓપરેશન ચલાવી સુરક્ષા જવાનોએ બે પૈકીના એક આંતકવાદીને જીવતો પકડી લીધો હતો. તો એક આંતકવાદીને ઠાર કર્યો હતો. વિમાન મથક ખાતે આંતકવાદી ધુસ્યાના વાવડ મળતા એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની એમ્બુલન્સો, ફાયર ફાઈટર સાથે ફાયર બ્રિગેડની ટીમ એરપોર્ટ પહોંચી હતી. જો કે, તંત્ર દ્વારા એરપોર્ટ ખાતે ભવિષ્યમાં કોઈ આવી આતંકવાદી હુમલાની ઘટના બને તો તેને કેમ પહોંચી વળવું ? તેમજ સુરક્ષાની ચકાચણી માટે આ મોકડ્રીલ યોજવામાં આવી હોવાનું જાહેર કરતા એરપોર્ટના સ્ટાફ સહિતના લોકોને હાશકારો થયો હતો.

# ૩૧મીએ બેંકો ખુલ્લી રહેશે પરંતુ ગ્રાહકો સીધો નાણાકીય વ્યવહાર નહીં કરી શકે

## આરબીઆઈએ કરેલી જાહેરાત સંદર્ભે ભાવનગર ચેમ્બરે કરી ચોખવટ

ભાવનગર, તા.૨૮

તા.૩૧.૦૩.૨૦૨૪નાં રોજ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા સરકારી કચેરીઓ સાથે સંકળાયેલ બેંકોની શાખાઓનાં કામકાજ અંગે સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપારીઓ-ઉદ્યોગકારો અને જાહેર જનતા જોગ સ્પષ્ટતા કરી જણાવાયું છે કે, ૩૧મીએ બેંકો ખુલ્લી રહેશે પરંતુ ગ્રાહકો સીધો નાણાકીય વ્યવહાર નહીં કરી શકે.

માર્ચ એન્ડીગનાં સંદર્ભમાં રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાનાં આદેશાનુસાર માત્ર સરકારી કચેરીઓનાં નાણાંકીય વ્યવહારો જેમ કે EPF, ઈન્કમટેક્ષ, TDS, GST વગેરે ચુકવણી સાથે સંકળાયેલ તમામ બેંકોની શાખાઓ તા.૩૧.૦૩.૨૦૨૪ ને રવિવારનાં રોજ કાર્યરત રહેશે. પરંતુ જાહેર જનતા બેંકો સાથે સીધો નાણાંકીય વ્યવહાર કરી શકશે નહિ પણ નેટબેન્કિંગ મારફત RTGS, NEFT, IMPS વગેરે સુવિધા શરૂ રહેશે જેથી વેપારીઓ, ઉદ્યોગકારો અને જાહેર જનતાને તે મુજબ તેના નાણાંકીય વ્યવહારોનું આયોજન કરવા સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# સરકારી પડતર જમીનમાંથી દબાણ હટાવવાની અરજી કરતા શાંતિનગરના સરપંચને માર મરાયો

## મહિલાઓ સહિત ૧૦ શખ્સો સામે ખુટવડા પો.સ્ટે.માં સરપંચે નોંધાવી ફરિયાદ

ભાવનગર,તા.૨૮

ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના શાંતિનગરમાં સરકારી પડતર જમીનમાં દબાણો દુર કરવા માટે સરપંચે અરજી કરતા તેની પાછળ ગામના જ કેટલાક શખ્સો હથિયાર લઈને મારવા દોડતા ભાગદોડ મચી ગઈ હતી, દરમિયાનમાં ઉપસરપંચ વચ્ચે પડતા મામલો થાળે પડ્યો હતો. આ મામલે સરપંચ દ્વારા મામા, ભાણેજ, મહિલા સહિત દસ વ્યક્તિઓ સામે ખુંટવડા પોલીસ મથકમા ફરીયાદ નોંધાવી હતી.

શાંતીનગરના સરપંચ રસીકભાઈ મનુભાઈ રાખોલિયાએ એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, સરકારી પડતર જમીનમાં દબાણ દુર કરવા માટે અરજી કરી હતી જેની દાઝ રાખીને હુમલો કરવામાં આવ્યો હતો, તેઓ ગ્રામ પંચાયતના પાણીના ટાંકા પાસે ઈલેક્ટ્રીક મોટર ચાલુ કરવા જતા હતા, એ સમયે તે દામજીભાઈના ઘરની આગળની નિકળતા ત્યા દામજીભાઈએ હાથમાં ભાલુ લઈને અને રમેશભાઈ હાથમાં તલવાર લઈને પાછળ દોડયા હતા. અને આજે તને મારી જ નાખવો છે તેમ કહીને હાથાપાઈ કરી મુંઢમાર માર્યો હતો. ત્યાર બાદ તેના ભાણેજો આવી ગયા હતા અને મામાને શું હેરાન કરે છે તેમ કહીને ગાળો આપી હતી. માથાકુટ થતા ઉપસરપંચ વીનુભાઈ અને ભોળાભાઈ આવી ગયા હતા, જેઓએ સમજાવટ કરતા મામલો થાળે પડ્યો હતો.

આ મામલે સરપંચ રસીકભાઈએ દામજીભાઈ શામજીભાઈ મકવાણા, રમેશ શામજીભાઈ મકવાણા, દામજીભાઈના ત્રણ ભાણિયા, આશાબેન દામજીભાઈ મકવાણા, અપુબેન દામજીભાઈ, ગીતાબેન રમેશભાઈ, દામજીભાઈના બહેન હસુબેન અને કમુબેન સહિત દસની સામે ફરિયાદ નોંધાવી હતી, ખુંટવડા પોલીસે તમામની સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઈડી દ્વારા જપ્ત કરાયેલા પૈસા ગરીબોને મળશે : રાજમાતા અમૃતા રોય સાથે વડાપ્રધાન મોદીએ કરી વાત ચીત





લોકસભા ચૂંટણી ૨૦૨૪ને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન મોદીએ રાજમાતા અમૃતા રોય સાથે ફોન પર વાત કરી હતી. તેમણે ફોન કરીને રાજમાતા અમૃતા રોયને કહ્યું કે પશ્ચિમ બંગાળમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા જપ્ત કરવામાં આવેલા પૈસા ગરીબ લોકોને આપવામાં આવશે જેમની પાસેથી તે લૂંટવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ઈડીએ ભ્રષ્ટાચારીઓ પાસેથી જે પણ સંપત્તિ અને નાણા જપ્ત કર્યા છે તેની સાથે, ગરીબો પાસેથી લૂંટાયેલું નાણું તેમની પાસે પાછું આવે તે સુનિશ્ચિત કરવા માટે વડાપ્રધાન કાનૂની વિકલ્પોની શોધ કરી રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે એક તરફ ભાજપ દેશમાંથી ભ્રષ્ટાચારને જડમૂળથી ઉખેડવા માટે પ્રતિબદ્ધ છે, તો બીજી તરફ તમામ ભ્રષ્ટાચારીઓ એકબીજાને બચાવવા માટે એકઠા થયા છે. પીએમએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે પશ્ચિમ બંગાળ રાજ્યમાં પરિવર્તન માટે મતદાન કરશે.

જણાવી દઈએ કે ૨૪ માર્ચે લોકસભા ચૂંટણીની પાંચમી યાદી જાહેર કરતી વખતે ભાજપે પશ્ચિમ બંગાળની રાણી માતા અમૃતા રોયને કૃષ્ણનગરથી ઉમેદવાર બનાવ્યા છે. તે જ સમયે, મહુઆ મોઈત્રા ફરી એકવાર તૃણમૂલ કોંગ્રેસની ટિકિટ પર પશ્ચિમ બંગાળની કૃષ્ણનગર લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. આવી સ્થિતિમાં કૃષ્ણા નગરથી મહુઆ મોઈત્રા અને રાજમાતા અમૃતા રોય વચ્ચે મુકાબલો થશે. ભાજપના ઉમેદવાર અમૃતા રોય નદિયા જિલ્લાના રાજબારીના ૩૯મા વંશજ સૌમિશ ચંદ્ર રોયની પત્ની છે. રાજમાતા ૨૦ માર્ચે ભાજપમાં જોડાયા હતા.

# જામફળ કૌભાંડમાં પંજાબના ૨૬ વિસ્તારોમાં ઈડીના દરોડા

ચંડીગઢ,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા બુધવારે પંજાબના ઘણા વિસ્તારોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, જામફળના બગીચા કૌભાંડ કેસમાં ઈડી દ્વારા આ દરોડા પાડવામાં આવ્યા છે. આ કેસમાં વિજિલન્સ વિભાગે અગાઉ કેસ નોંધ્યો હતો અને લગભગ ૨૧ લોકોની ધરપકડ પણ કરવામાં આવી હતી. આ કેસ ગ્રેટર મોહાલી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા સંપાદિત જમીન પર જામફળના બગીચા માટે વળતરની આડમાં આશરે રૂ. ૧૩૫ કરોડની ઉચાપત સાથે સંબંધિત છે.



સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈડીએ પંજાબના એક્સાઈઝ કમિશનરના ઘરે દરોડા પાડ્યા છે કારણ કે જ્યારે આ કૌભાંડ થયું ત્યારે તેઓ વિભાગના મુખ્ય અધિકારી હતા. તમને જણાવી દઈએ કે પંજાબના ૬ થી ૮ જિલ્લામાં લગભગ ૨૬ સ્થળો પર ઈડી દ્વારા આ દરોડા હજુ પણ ચાલુ છે. જેમાં કેટલાક આઈએએસ અધિકારીઓ, તેમની પત્નીઓ અને કેટલાક પીસીએસ અધિકારીઓનો સમાવેશ થાય છે. પંજાબના ચંદીગઢની સાથે ભટિંડા, પટિયાલા, ખરાર, બરનાલા, મોહાલી અને ફિરોઝપુરમાં પણ ઈડીના દરોડા ચાલુ છે.

# મહારાષ્ટ્રમાં ભારત ગઠબંધનને આંચકો વંચિત બહુજન અઘાડી મહાવિકાસ જોડાશે નહીં

મુંબઈ,

મહારાષ્ટ્રમાં ભારત ગઠબંધનના પ્રયાસોને ફરી એકવાર ઝટકો લાગ્યો છે. વાસ્તવમાં, વંચિત બહુજન અઘાડીએ મહાવિકાસ અઘાડીમાં નહીં જોડાવાની જાહેરાત કરી છે. વંચિત બહુજન ગાદીએ પ્રથમ તબક્કા માટે તેના ઉમેદવારોની યાદી જાહેર કરી છે. પ્રકાશ આંબેડકર અકોલાથી ચૂંટણી લડશે. આ સાથે પ્રકાશ આંબેડકરે નાગપુરમાં કોંગ્રેસના ઉમેદવારોને સમર્થન આપવાની જાહેરાત કરી હતી.

વંચિત બહુજન અઘાડી રાજ્ય સમિતિએ નાગપુરથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવારને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. જો પ્રકાશ શેંડગે (ઓબીસી બહુજન પાર્ટી)ને વંચિત બહુજન અઘાડી સ્ટેટ કમિટી સાંગલીમાંથી નામાંકિત કરવામાં આવે તો તેમને સમર્થન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. રામટેકમાં ઉમેદવારનો નિર્ણય આજે સાંજે ૪ વાગ્યા સુધીમાં લેવામાં આવશે. નાગપુરમાં કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારને સમર્થન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બીજેપી નેતા નીતિન ગડકરીએ નાગપુર લોકસભા સીટ પરથી ઉમેદવારી નોંધાવી છે. આ દરમિયાન તેમની સાથે મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે, ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ અને પ્રફુલ્લ પટેલ પણ હાજર હતા.

# તાલિબાન સરકારનું ફરમાન : ગેરકાયદે સંબંધો રાખતી મહિલાઓને જાહેરમાં કોરડા ફટકારશે

કાબુલ,

અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારના સર્વોચ્ચ નેતા મુલ્લા હિબતુલ્લા અખુન્દઝાદાએ મહિલાઓ વિરૂદ્ધ એક નવું ફરમાન બહાર પાડ્યું છે. આ અનુસાર, કોઈપણ મહિલા વ્યભિચાર (તેના પતિ સિવાય અન્ય પુરુષ સાથે સેક્સ માણવા) માટે દોષિત ઠરે તો તેને પથ્થર મારીને મારી નાખવામાં આવશે. એક ઓડિયો સંદેશમાં અખંદઝાદાએ પશ્ચિમી દેશોની લોકશાહીને પડકારી હતી અને



ઈસ્લામિક કાયદા શરિયાના કડક અમલનો આદેશ આપ્યો હતો. તેમણે કહ્યું- તમે કહો છો કે જ્યારે અમે તેમને પથ્થર મારીએ છીએ ત્યારે તે મહિલાઓના અધિકારોનું ઉલ્લંઘન છે, પરંતુ ટૂંક સમયમાં જ આ સજા વ્યભિચાર માટે લાગુ કરવામાં આવશે. દોષિત મહિલાઓને જાહેરમાં કોરડા મારવામાં આવશે અને પથ્થરમારો કરવામાં આવશે. અખુંદઝાદાએ કહ્યું- શું મહિલાઓને એવા અધિકાર જોઈએ છે જેની પશ્ચિમી દેશો વાત કરી રહ્યા છે. આવા તમામ અધિકારો શરિયા અને મૌલવીઓના અભિપ્રાય વિરુદ્ધ છે. એ જ મૌલવીઓ જેમણે પશ્ચિમી લોકશાહીને ઉથલાવી. અમે પશ્ચિમી લોકો સામે ૨૦ વર્ષ સુધી લડ્યા અને જો જરૂર પડશે તો અમે આગામી ૨૦ વર્ષ સુધી લડતા રહીશું.

# ભાજપ રામનવમીની કરશે ભવ્ય ઉજવણી નેતાઓ મંદિરોમાં સફાઈ કરી આરતી કરશે

નવીદિલ્હી,

ભાજપ રામનવમીની ભવ્ય ઉજવણી કરશે. જેમાં લોકસભા ચૂંટણીને લઈને વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. તેમાં ૧૭ એપ્રિલે દરેક વિસ્તારના મંદિરમાં ઉજવણી કરાશે. ભાજપના નેતાઓ મંદિરોમાં સફાઈ કરી આરતી કરશે.

દરેક વિધાનસભામાં સહકાર સંમેલનો આયોજિત કરાશે. જેમાં ભાજપે લોકસભા ચૂંટણીને લઈ કાર્યક્રમ નક્કી કર્યા છે. તેમાં રામ મંદિર બાદ હવે રામ નવમીની ભાજપ ભવ્ય ઉજવણી કરશે. ૧૭ એપ્રિલ દરેક વિસ્તારના મંદિરમાં ઉજવણી કરવા ભાજપનું આયોજન છે. જેમાં મંદિરમાં સફાઈ અભિયાન અને સાંજે ભાજપના નેતાઓ આરતી કરશે. તથા ભાજપ સામાજિક સમભાવ કાર્યક્રમ કરશે. તમામ સમાજના લોકોને સાથે રાખીને કાર્યક્રમ કરશે. બે-ત્રણ શક્તિ કેન્દ્ર ભેગા કરી મારો પરિવાર મોદી પરિવારના નામે સભા કરશે. જેમાં દરેક વિધાનસભામાં સહકાર સંમેલનો કરવા પાર્ટીની સૂચના છે. દરેક ઉમેદવારને સૂચના છે કે ઉમેદવારી નોંધાવતા પહેલા સભા કરવી અને બાદમાં ઉમેદવારી કરવી.

# જામીનમાં રાજકીય પ્રવૃતિથી દુર રહેવાની શરત અયોગ્ય : સુપ્રિમ

નવી દિલ્હી,

સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે, જામીનની શરત તરીકે વ્યક્તિને રાજકીય પ્રવૃતિ કરતો અટકાવી શકાય નહીં. ઓડિશા હાઈકોર્ટે એક વ્યક્તિને જામીન આપતી વખતે આવી શરત મુકી હતી. જેને સુપ્રીમ કોર્ટે રદ કરી હતી. હાઈકોર્ટે ઓગષ્ટ ૨૦૨૨માં વ્યક્તિને જામીન આપતી વખતે કોઈ પણ પ્રકારની રાજકીય પ્રવૃતિ સાથે નહીં સંકળાવાનો આદેશ આપ્યો હતો. જજ બી.આર.ગવઈ અને સંદીપ મહેતાએ હાઈકોર્ટના ૧૮ જાન્યુઆરીના આદેશ સામે ચુકાદો આપ્યો હતો. બરહામપુર



મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર તરીકે ચુંટાયેલા સિબા સંકરદાસની અરજીની સુનાવણી વખતે સુપ્રીમ કોર્ટે જામીનની શરત રદ કરી હતી.

અગાઉ હાઈકોર્ટે જામીન માટેની શરત પાછી ખેંચવાની અરજી ફગાવતા જણાવ્યું હતું કે, તેમના (સિબાદાસ) કારણે જનતામાં કોઈ અનિચ્છનીય સ્થિતિ ઉભી થવી જોઈએ નહીં અને તે રાજકીય પ્રવૃતિમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ નહીં લઈ શકે.

સુપ્રીમકોર્ટે ૨૨ માર્ચના ચૂકાદામાં જણાવ્યું હતું કે, 'અમને જણાયું કે આવી શરત અરજદારના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે અને આવી કોઈ શરત લાદવી જોઈએ નહીં. એટલ અમે હાઈકોર્ટે લાગુ કરેલી શરતને રદ કરીએ છીએ.' દાસે ૧૧ ઓગષ્ટ ૨૦૨૨ના રોજ જામીન સાથેની શરત પાછી ખેંચવા હાઈકોર્ટમાં અરજી કરી હતી.

# હું ફક્ત મારી માતાના ચૂંટણી પ્રચાર પર ધ્યાન આપીશ અને ચૂંટણી નહીં લડું : વરૂણ

નવીદિલ્હી,

છેલ્લાં કેટલાક સમયથી વરુણ ગાંધીને લઈને જે ચર્ચાઓ ચાલી રહી હતી આખરે તેના પર હવે પૂર્ણ વિરામ મૂકાતો દેખાઈ રહ્યો છે. એવી ચર્ચા છે કે વરુણ ગાંધીએ જાહેરાત કરી દીધી છે કે તેઓ લોકસભા ચૂંટણી ૨૦૨૪માં કોઈ પણ બેઠક પરથી ઉમેદવારી કરવાના નથી. ઉલ્લેખનીય છે કે આ વખતે ભાજપે તેમની ટિકિટ કાપી નાખી હતી. બીજી બાજુ મેનકા ગાંધીને ટિકિટ આપવામાં આવી હતી. હવે વરુણ ગાંધીએ સ્પષ્ટતા કરી છે કે હું ફક્ત મારી માતાના ચૂંટણી પ્રચાર પર ધ્યાન આપીશ અને ચૂંટણી નહીં લડું. એવો દાવો વરુણ ગાંધીની ટીમ દ્વારા કરવામાં આવ્યો હતો.

અગાઉ ઉત્તર પ્રદેશના ભાજપના અધ્યક્ષ ચૌધરી ભૂપેન્દ્ર સિંહે વરુણ ગાંધીની ટિકિટ રદ્દ થવા પર કહ્યું હતું કે આ વખતે પાર્ટીએ તેમને ચૂંટણી લડવાનું વચન આપ્યું નથી, પરંતુ તેઓ અમારી સાથે છે. પાર્ટી નેતૃત્વએ તેમના વિશે કંઈક સારું વિચાર્યું હશે. ઉલ્લેખનીય છે કે ટિકિટ કપાતા અધીર રંજન ચૌધરીએ વરુણને કોંગ્રેસમાં જોડાવાનું આમંત્રણ આપ્યું હતું.

# વાંગચુકે બાળકના હાથે જ્યૂસ પીને ભૂખ હડતાળ ખતમ કરી

લદ્દાખ,

સામાજિક કાર્યકર્તા અને પર્યાવરણવાદી સોનમ વાંગચુક, જે લદ્દાખને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની માંગ સાથે ૨૧ દિવસથી હડતાળ પર હતા. તેમણે પોતાની ભૂખ હડતાળ સમાપ્ત કરી દીધી છે. વાંગચુક છેલ્લા ૨૧ દિવસથી માત્ર મીઠું અને પાણી લેતા હતા. તેણે એક બાળકના હાથમાંથી જ્યુસ પીને આમરણાંત ઉપવાસનો અંત આણ્યો હતો.



વાંગચુકે કહ્યું કે અમે લદ્દાખમાં હિમાલયના પર્વતોની નાજુક ઈકોસિસ્ટમ અને અહીંની અનોખી સ્વદેશી આદિવાસી સંસ્કૃતિને બચાવવા માટે અમારો અવાજ ઉઠાવી રહ્યા છીએ અને આ લડાઈ ભવિષ્યમાં પણ ચાલુ રહેશે.

ભૂખ હડતાળને સમાપ્ત કરતા પહેલા, વાંગચુકે સવારે સોશિયલ મીડિયા એકાઉન્ટ 'એક્સ' પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને લદ્દાખ સંબંધિત મુદ્દાઓને હસ્તક્ષેપ કરવા અને ઉકેલવા વિનંતી કરી હતી. વાંગચુકે એમ પણ કહ્યું હતું કે આજે તેમની ભૂખ હડતાલનો ૨૧મો દિવસ છે પરંતુ હજુ સુધી કેન્દ્ર સરકાર દ્વારા લદ્દાખ મુદ્દે એક પણ શબ્દ બોલવામાં આવ્યો નથી. સોનમ વાંગચુક દ્વારા ભૂખ હડતાળ એવા સમયે કરવામાં આવી હતી જ્યારે લદ્દાખમાં તાપમાન -૧૦ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું.

# ચાઈનીઝ હેકરો સામે અમેરિકા-બ્રિટન સરકારે પ્રતિબંધ મુકયો

વોશિંગ્ટન,

ટેક્નોલોજીના આધુનિક યુગમાં યુદ્ધના ક્ષેત્રો સરહદોથી બદલાઈને આર્થિક અને સાયબર યુગમાં પ્રવેશ્યા છે ત્યારે ચીન સરકાર સમર્થીત હેકર્સે અમેરિકન પત્રકારો, કંપનીઓ, અધિકારીઓ અને લોકતંત્રની તરફેણ કરનારા એક્ટિવિસ્ટ તેમજ યુકેના ઈલેક્શન વોચડોગ પર સાયબર હુમલા કર્યા હોવાનો અમેરિકા અને બ્રિટિશ ઓથોરિટીએ દાવો કર્યો છે.

આ અધિકારીઓનું કહેવું છે કે જિનપિંગ સરકાર સમર્થિત આ હેકર્સનો ઉદ્દેશ્ય ચીની સરકારના ટીકાકારોને પરેશાન કરવા, અમેરિકન કંપનીઓના વેપારની ગુપ્ત માહિતી ચોરવી અને ટોચના નેતાઓની જાસૂસી કરાવવાનો છે. અમેરિકા અને બ્રિટનના આ આરોપોમાં ન્યૂઝીલેન્ડ પણ જોડાયું છે. ચીન દ્વારા તેની એપ્સ મારફત જાસૂસી કરાવવાની આશંકા હેઠળ ભારતે ચીનની અનેક એપ્સ પર પ્રતિબંધ મૂકી દીધા છે. હવે અમેરિકા અને બ્રિટિશ અધિકારીઓએ ચીન સરકાર સાથે સંકળાયેલા હેકરો પર પ્રતિબંધ મૂકી દીધો છે.

# બેરોજગારી મોટું સંકટ : ૮૩ ટકા યુવાનો બેરોજગાર

નવીદિલ્હી,

શું ભારતમાં બેરોજગારી ચરમસીમાએ પહોંચી છે? ચૂંટણીના માહોલ વચ્ચે ફરી એકવાર બેરોજગારીનો મુદ્દો કેમ ચર્ચામાં છે? હકીકતમાં, ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (આઈએલઓ)ના એક રિપોર્ટમાં ભારતમાં રોજગારની સ્થિતિને લઈને ઘણા ચોંકાવનારા ખુલાસા થયા છે. આમાં જે સૌથી મોટી વાત સામે આવી છે તે એ છે કે દેશમાં કુલ બેરોજગાર લોકોમાંથી ૮૩ ટકા યુવાનો છે.

આઈએલઓએ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હ્યુમન ડેવલપમેન્ટ સાથે મળીને 'ઈન્ડિયા એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ




૨૦૨૪' પ્રકાશિત કર્યો છે. આ મુજબ ભારતમાં જો ૧૦૦ લોકો બેરોજગાર છે તો તેમાંથી ૮૩ યુવાનો છે. આમાં પણ મોટાભાગના યુવાનો શિક્ષિત છે.

આઈએલઓના રિપોર્ટમાં એવું પણ બહાર આવ્યું છે કે દેશના કુલ બેરોજગાર યુવાનોમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા ૨૦૦૦ની સરખામણીએ હવે બમણી થઈ ગઈ છે. વર્ષ ૨૦૦૦માં શિક્ષિત યુવાનો બેરોજગારોની સંખ્યા કુલ યુવા બેરોજગારના ૩૫.૨ ટકા હતી. વર્ષ ૨૦૨૨માં તે વધીને ૬૫.૭ ટકા થઈ ગયો છે. તેમાં માત્ર એવા જ શિક્ષિત યુવાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમણે ઓછામાં ઓછું ૧૦ ધોરણનું શિક્ષણ પૂર્ણ કર્યું છે.

આઈએલઓનો રિપોર્ટ જાહેર થવાના એક દિવસ પહેલા દેશના પૂર્વ આરબીઆઈ ગવર્નર અને પ્રખ્યાત અર્થશાસ્ત્રી રઘુરામ રાજને કહ્યું હતું કે ભારતે તેની આર્થિક વૃદ્ધિ મજબૂત હોવાના હાઈપમાં વિશ્વાસ ન કરવો જોઈએ, આમ કરવું એક મોટી ભૂલ હશે. તેના બદલે, ભારતે તેની અર્થવ્યવસ્થાની મૂળભૂત સમસ્યાઓને ઠીક કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, જેમ કે તેની શિક્ષણ પ્રણાલીને ઠીક કરવી.

આઈએલઓએ પોતાના રિપોર્ટમાં કંઈક આવું જ કહ્યું છે.આઈએલઓ કહે છે કે ભારતમાં માધ્યમિક (૧૦મી) પછી શાળા છોડી દેવાનું પ્રમાણ હજુ પણ ઉચ્ચ સ્તરે છે, ખાસ કરીને ગરીબ રાજ્યોમાં અથવા સમાજના હાંસિયામાં રહેતા લોકોમાં. ઉચ્ચ શિક્ષણના મામલામાં દેશની અંદર ભરપૂર પ્રવેશ છે, પરંતુ આ સ્થળોએ શિક્ષણનું સ્તર ચિંતાજનક છે.

# ટીએમસીના સ્ટાર પ્રચારકોની યાદીમાંથી મોઈત્રાનું નામ ગાયબ

કોલકતા,

પશ્ચિમ બંગાળની ૪૨ લોકસભા સીટો માટે સાત તબક્કામાં ચૂંટણી યોજાશે. ૧૯ એપ્રિલે યોજાનારી ચૂંટણીના પ્રથમ તબક્કાને ધ્યાનમાં રાખીને તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીએ પોતાના સ્ટાર પ્રચારકોની યાદી તૈયાર કરી છે. ટીએમસીએ પોતાના સ્ટાર પ્રચારકોની યાદીમાં ૪૦ નેતાઓના નામ સામેલ કર્યા છે, જેમાં પાર્ટી સુપ્રીમો અને રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જીનું નામ ટોચ પર છે.

આ યાદીમાં ટીએમસીના ઉમેદવાર બનેલા ક્રિકેટર અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના એક ચહેરાને પણ સ્ટાર પ્રચારક બનાવવામાં આવ્યા છે. આ યાદી ચૂંટણી પંચને સુપરત કરવામાં આવી છે

ક્રિકેટરમાંથી ઉમેદવાર બનેલા યુસુફ પઠાણ અને બંગાળી ફિલ્મ અભિનેત્રીઓ સયુની ઘોષ, જૂન માલિયા અને રચના બેનર્જીને પશ્ચિમ બંગાળમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા દરમિયાન તૃણમૂલ કોંગ્રેસ દ્વારા સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે.

# નકુલનાથ પાસે ૬૪૯ કરોડ ૫૧ લાખ ૯૬ હજાર ૧૭૪ રૂપિયાની જંગમ સંપત્તિ

નવીદિલ્હી,

કોંગ્રેસના દિગ્ગજ નેતા કમલનાથના પુત્ર અને છિંદવાડા બેઠક પરથી પાર્ટીના ઉમેદવાર નકુલ નાથે ઉમેદવારી પત્ર ભર્યું છે. નકુલનાથે પોતાના નામાંકન પત્રમાં પોતાના વિશે આપેલી માહિતી મુજબ નકુલનાથ પાસે કુલ ૬૪૯ કરોડ ૫૧ લાખ ૯૬ હજાર ૧૭૪ રૂપિયાની જંગમ સંપત્તિ છે પરંતુ કરોડોના માલિક નકુલનાથ પાસે પોતાની કાર નથી. તેમની જાહેર કરેલી સંપત્તિમાં શેર, મ્યુચ્યુઅલ ફંડ, એફડી અને ઘણી કંપનીઓના બચતનો સમાવેશ



થાય છે. તે જ સમયે, નકુલનાથની પત્ની પ્રિયનાથ પાસે ૧૯ કરોડ ૨૦ લાખ ૧૭ હજાર ૨૯૪ રૂપિયાની જંગમ સંપત્તિ છે. નકુલનાથના ૧૨ બેંક ખાતા છે જેમાંથી ૮ દેશમાં અને ૪ વિદેશમાં છે. વિદેશમાં ચાર બેંક ખાતા છે જે તમામ બહેરીનમાં છે જ્યારે તેમની પત્ની પ્રિયનાથના વિદેશમાં ૮ બેંક ખાતા છે જે બહેરીન, સિંગાપોર અને મલેશિયામાં છે.

નકુલનાથ પાસે દિલ્હીના પંચશીલ પાર્કમાં ૪૫ કરોડ ૧૫ લાખ રૂપિયાનો બંગલો છે અને છિંદવાડામાં ૨ કરોડ ૯૨ લાખ રૂપિયાની ખેતીની જમીન છે. તેમની પાસે ૨ કરોડ ૨ લાખ રૂપિયાની જ્વેલરી અને ૬ લાખ ૪૬ હજાર રૂપિયાની પેઈન્ટિંગ છે. જ્યારે તેમની પત્ની પ્રિયનાથ પાસે ૨ કરોડ ૭૫ લાખ રૂપિયાની જ્વેલરી છે.

# ઉત્તર કન્નડ લોકસભા બેઠક પર પત્ની ઉમેદવાર અને પતિ IPS અધિકારી !

નવીદિલ્હી,

ભારતીય જનતા પાર્ટીના કર્ણાટક એકમે ચૂંટણી પંચને ફરિયાદ કરી છે જેમાં વરિષ્ઠ IPS અધિકારી હેમંત નિમ્બાલકરને સરકારી કામમાંથી તાત્કાલિક રાહત આપવાની અને રાજ્યમાંથી તેમની હકાલપટ્ટીની માગણી કરવામાં આવી છે. ભાજપે તેની ફરિયાદમાં કહ્યું છે કે નિમ્બાલકરની પત્ની અંજલિ નિમ્બાલકર ઉત્તર કન્નડ લોકસભા સીટ પરથી કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડી રહી હોવાથી તેમને રાજ્યની બહાર મોકલી દેવા જોઈએ. જેથી તેઓ તેમના પદ અને પ્રભાવથી કોઈને પ્રભાવિત ન કરી શકે.

કમિશનને લખેલા પત્રમાં ભાજપે કહ્યું છે કે નિમ્બાલકરને ચૂંટણી સંબંધિત તમામ કામમાંથી મુક્તિ આપવી જોઈએ. હાલમાં નિમ્બાલકર માહિતી અને જનસંપર્ક વિભાગના કમિશનર તરીકે કાર્યરત છે. કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર પરત આવ્યા બાદ તેમની આ પદ પર નિમણૂક કરવામાં આવી છે. તેમની પત્નીએ પણ છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ખાનપુર બેઠક પરથી ચૂંટણી લડી હતી, જ્યાં તેઓ ભાજપના વિઠ્ઠલ હલગેકર દ્વારા હાર્યા હતા.

# ભારતના જીડીપી ગ્રોથના આંકડા પર રઘુરામ રાજને ઉઠાવ્યા સવાલ

નવીદિલ્હી,

રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને દેશના અર્થતંત્રના વિકાસ દર પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે ભારત જીડીપી ગ્રોથ અંગેના હાઈપમાં વિશ્વાસ કરીને મોટી ભૂલ કરી રહ્યું છે. રઘુરામ રાજનના મતે દેશમાં મહત્વપૂર્ણ માળખાકીય સમસ્યાઓ છે જેને ઠીક કરવાની જરૂર છે. ચૂંટણી બાદ નવી સરકાર સામે સૌથી મોટો પડકાર કર્મચારીઓના શિક્ષણ અને કૌશલ્યમાં સુધારો કરવાનો છે.

રઘુરામ રાજને કહ્યું- વૃદ્ધિ વાસ્તવિક છે તે સાબિત કરવા માટે



આપણે હજુ ઘણા વર્ષો સુધી સખત મહેનત કરવી પડશે. આ એવી વસ્તુ છે જે રાજકારણીઓ ઈચ્છે છે કે તમે માનો. તેઓ ઈચ્છે છે કે તમે માનો કે આપણે વૃદ્ધિ હાંસલ કરી છે. પરંતુ તે ભારત માટે ગંભીર ભૂલ હશે.

૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ધ્યેયને નકારી કાઢતા રઘુરામ રાજને કહ્યું કે જો તમારા બાળકોને ઉચ્ચ શાળાના શિક્ષણની પહોંચ ન હોય અને ડ્રોપ આઉટનો દર ઘણો ઊંચો હોય, તો આ લક્ષ્યોને હાંસલ કરવાનો કોઈ રસ્તો નથી. આ વાત કરવી નકામી છે. ભૂતપૂર્વ ગવર્નરે કહ્યું કે ભારતમાં કર્મચારીઓની સંખ્યા વધી રહી છે, પરંતુ આ ડિવિડન્ડ બધાને આપવામાં આવશે, તેમને રોજગારની સારી તકો મળશે. મને લાગે છે કે આ સંભવિત દુર્ઘટના છે જેનો આપણે સામનો કરીએ છીએ.

# ભાવનગરમાં સ્વાઈન ફલુનો ભરડો : ત્રણ મહિનામાં ૪૪ કેસ

## શહેરના આર્થિક પછાત, મધ્યમવર્ગ અને સુખી સંપન્ન વિસ્તારના અનેક લોકોને સ્વાઈન ફલુએ ભરડામાં લિધા




ભાવનગર,તા.૨૮

સ્વાઈન ફલુએ રાજ્યના કેટલાક શહેરમાં માથુ ઉચક્યું છે અને દર્દીની સંખ્યા નોંધપાત્ર જોવા મળી રહી છે. ત્યારે ભાવનગર પણ તેમાંથી બાકાત નથી. ભાવનગર શહેરમાં એક સામટા ૪૪ કેસ છેલ્લા ત્રણ મહિનામાં જ નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. જો કે રાહતની બાબત એ છે કે સ્વાઈન ફલુથી ભાવનગરમાં એક પણ દર્દીનું મોત નિપજ્યાની ઘટના નથી બની. હાલની સ્થિતીએ એક માત્ર પોઝીટીવ દર્દી છે અને તે સર ટી હોસ્પિટલમાં સારવાર તળે છે. જ્યારે તેની સ્થિતી પણ સુધારા હોવાનું આરોગ્ય તંત્રના સુત્રોએ જણાવ્યુ હતું.

ભાવનગરમાં વર્ષ ૨૦૧૯માં સ્વાઈન ફલુના સૌથી વધુ ૧૨૦ કેસ નોંધાયા હતા. જ્યારે ચાલુ વર્ષ ૨૦૨૪માં માત્ર શરૂઆતના ત્રણ માસમાં ૪૪ કેસ થયા છે. જાન્યુઆરીથી ૨૮ માર્ચ ૨૦૨૪ સુધીમાં ભાવનગર મહાપાલિકાના ચોપડે સ્વાઈન ફલુના ૪૪ કેસ પોઝીટીવ નોંધાયા છે જે પૈકી એક પોઝીટીવ દર્દી હાલ સર ટી હોસ્પિટલમાં સારવાર તળે છે જ્યારે બાકીના ૪૩ દર્દીઓ સારવાર મેળવીને હાલ સ્વાઈન ફલુથી મુક્ત થયા છે. ઉલ્લેખનીય છે કે કોરોનાની જેમ સ્વાઈન ફલુ શ્વાસો શ્વાસની ક્રિયા દ્વારા ફેલાતો ચેપી રોગ છે. પરંતુ કોરોનાની માફક અતિ ઝડપે પ્રસરતો નથી. ભાવનગરમાં ૨૦૧૯માં સ્વાઈન ફલુએ ભરડો લીધો હતો અને ૧૨૦ કેસ નોંધાયા હતા ત્યારબાદ ૨૦૨૦માં એક પણ કેસ નોંધાયેલ નહી. ૨૦૨૧માં ત્રણ, ૨૦૨૨માં ૮૦ તથા ૨૦૨૩માં ૨૧ કેસ તંત્રના ચોપડે નોંધાયા હતા જ્યારે ચાલુ વર્ષે શરૂઆતના પ્રથમ ત્રણ માસમાં ભાવનગરમાં સ્વાઈન ફલુ પોઝીટીવ કેસનો આંક ૪૪ થયો છે.

# રાળગોનના ખેડૂત આધેડે કલેકટર કચેરી સંકુલમાં જ કર્યું વિષપાન

## જમીનના વિવાદમાં ન્યાય માટે ઝઝૂમતા ખેડૂતે આત્મહત્યાનો પ્રયાસ કરતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા :ખેડૂતની સ્થિતિ ગંભીર

ભાવનગર તા.૨૮

તળાજા તાલુકાના રાળગોન ગામમાં રહેતા ખેડૂતે ભાવનગરની કલેકટર કચેરી ખાતે ઝેરી દવા ગટગટાવી લેતા વહીવટી તંત્ર દોડતું થયું હતું.ઝેરી દવા પી લેનાર આધેડને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સર ટી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ બનાવ અંગે મળતી વિગત મુજબ તળાજા તાલુકાના રાળગોન ગામમાં રહેતા ખેડૂત આધેડ બાબુભાઈ કાળાભાઈ વળિયા એ આજે ગુરૂવારે સવારે ભાવનગરની કલેકટર કચેરીના સંકુલમાં ઝેરી દવા પી લેતા ખળભળાટ મચી જવા પામેલ. કલેકટર કચેરીમાં ઝેરના પારખા કરનાર બાબુભાઈને ગંભીર હલતે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે સર ટી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી.જમીનના વિવાદમાં ન્યાય માટે ઝઝૂમતા ખેડૂત આધેડે આખરે ઝેરના પરખા કર્યા હોવાનું તેમના સંબંધીઓએ જણાવ્યું હતું. આ બનાવથી જિલ્લા વહિવટી તંત્રમાં પણ ખળભળાટ મચી ગયો હતો. આખરે ખેડૂતને એવી તો કઈ સમસ્યા છે કે કલેક્ટર કચેરીએ આવીને વખ ઘોળવું પડ્યું ? તે તપાસનો વિષય બન્યો છે. આ સમાચાર વાયુવેગે ફેલાઈ જતા ગોહિલવાડના ખેડૂતોમાં ચિંતા સાથે રોષ ફેલાયો હતો.



તસવીર : મૌલીક સોની

# કોર્પોરેશનની કડકાઈ : એક જ દિવસમાં ૭૦૧ કરદાતાએ રૂા.૧.૬૩ કરોડ મિલ્કત વેરો ભર્યો

## ચાલુ માસમાં ૫,૦૨૨ આસામી પાસેથી રૂા. ૧૬.૧૨ કરોડનો વેરો વસુલ કરાયો

ભાવનગર, તા.૨૮

નાણાકીય વર્ષ પુરૂ થવામાં છે ત્યારે ભાવનગર કોર્પોરેશન દ્વારા વેરા વસૂલાત માટે કડકાઈ કરવામાં આવી રહી છે. જેના પગલે બુધવારે ૧ દિવસમાં ૭૦૧ આસામી દ્વારા ૧.૬૩ કરોડનો મિલકત વેરો ભરપાઈ કરાયો હતો. ૩૧મી માર્ચ સુધી રજાઓના દિવસો સહિત રીકવરી ઝૂંબેશ શરૂ રહેશે અને કેશબારીઓ પણ કાર્યરત રહેશે.

ભાવનગર મહાપાલિકાના ઘરવેરા વિભાગની કાર્પેટ એરિયા કર પદ્ધતિમાં બાકીવેરો ધરાવતા કરદાતાઓ પાસેથી વેરા વસુલાત કરવા અંગે ભાવનગર મહાપાલિકાના ઘરવેરા તથા રીકવરી વિભાગના તમામ સ્ટાફ દ્વારા સંયુક્ત રીતે જપ્તિ ઝૂંબેશ શરૂ છે. આજે કુલ ૭૦૧ આસામી દ્વારા કુલ ૧.૬૩ કરોડ રૂપિયાનો મિલકત વેરો ભરપાઈ કરવામાં આવેલ છે. ચાલુ માસ માર્ચ દરમિયાન ૫,૦૨૨ આસામી પાસેથી કુલ ૧૬.૧૨ કરોડ રૂપિયાનો વેરો વસુલવામાં આવેલ છે.

વધુમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ઘરવેરાની કાર્પેટ પદ્ધતિમાં આકર્ષક વન ટાઈમ સેટલમેન્ટ સ્કીમ જાહેર કરાયેલ છે. જે અંતર્ગત જે-તે તારીખ સુધી ચડત વ્યાજ સાથે ચાલુ વર્ષની રકમ અને પાછલા બાકી રકમના પ્રતિ વર્ષ ૨૦ ટકા રકમ સાથે પ્રથમ હપ્તો તા. ૩૧-૩-૨૦૨૪ સુધીમાં ભરી પછીના ચાર વર્ષોમાં દરેક વર્ષનો હપ્તો જે-તે વર્ષની રીબેટ યોજનાના સમયગાળા સુધીમાં ભરપાઈ કરવાનો રહેશે. આમ સળંગ પાંચ વર્ષ સુધી આ રીતે વેરો ભરી ચડત વ્યાજમાંથી મુક્ત થવા મહાપાલિકા દ્વારા અનુરોધ કરાયો છે.

### વેરો નહીં ભરનાર આસામીની કાર, ટીવી, સ્કૂટર, ફ્રીઝ વિગેરે જપ્ત કરવા ચિમકી

ભાવનગર મહાપાલિકાએ બાકી વેરાની વસુલાત માટે કડક રિકવરી ઝુંબેશ હાથ ધરી છે. દરમિયાનમાં વેરો નહીં ચુકવનાર કરદાતાની સામે દંડાત્મક કાર્યવાહીના ભાગરૂપે સ્થાવર તથા જંગમ મિલ્કત જેવી કે કાર, સ્કૂટર, ટીવી, ફ્રીઝ વગેરે જપ્ત કરવામાં આવનાર છે તેમ ઘરવેરા વિભાગ મધ્યના સુપ્રિટેન્ડેન્ટએ જણાવ્યું છે.

## નવા ગુરુદ્વારા સામે જુગાર રમતા ચાર શખ્સની રોકડ સાથે ધરપકડ



ભાવનગર તા.૨૮

ભાવનગરના જવાહર મેદાન સામે આવેલ નવા ગુરુદ્વારાની સામે આવેલ ખુલ્લા મેદાનમાં હારજીતનો જુગાર રમતા ચાર ઈસમો આકાશ દિનેશભાઈ સોલંકી, ઈદ્રિશ અહેમદભાઈ પઠાણ, અમર દોલતરામ બુધાણી અને જબ્બાર અલારખભાઈ શેખને નીલમબાગ પોલીસે રૂ. ૬,૦૫૦/- રોકડા સાથે ઝડપી લઈ તમામ વિરુદ્ધ જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ભરતનગરમાં ચિકન શોપના વેપારી ઉપર અન્ય વેપારીએ લોખંડનો પાઈપ ઝીકયો

### વેપારીના બહેનને પણ પાઈપ ઝીંકી બે શખ્સે ઘરે જઈ જાનથી મારી નાખવાની ધમકી આપી

ભાવનગર તા.૨૮

ભાવનગરના ભરતનગર, મેમણ કોલોની વિસ્તારમાં ચિકન શોપ ધરાવતા વેપારી ઉપર નજીકમાં આવેલ અન્ય ચિકન શોપમાં વેપારી અને તેના કારીગરે લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. આ બનાવ બાદ વેપારીના ઘર પાસે જઈને જાનથી મારી નાખવાની ધમકી આપતા વેપારીએ ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના ભરતનગર, મેમણ કોલોની માં રહેતા અને ઘર પાસે આવેલ મદીના મસ્જિદ પાસે ચિકન શોપ ધરાવતા અબ્દુલભાઈ ઉંમરભાઈ શેખ ગઈ કાલે બપોરે તેમની દુકાને હાજર હતા ત્યારે તેમની દુકાન નજીક આવેલ યાદગાર ચિકન નામની દુકાને તેમના એક ગ્રાહક ચીકન લેવા ગયા હતા ત્યારે તેમની પાસે જુના પૈસા બાકી હોય અબ્દુલભાઈ શેખ ઉઘરાણી માટે ગયા હતા તે દરમિયાન યાદગાર ચિકન શોપના સાહિલભાઈ ગોંડલીયા અને તેના કારીગર જીગરે તમારે અમારી દુકાને આવતા ગ્રાહકો પાસે પૈસા માંગવા નહીં તેમ કહી ગાળો આપી લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. દરમિયાન અબદુલભાઈના બહેન સમીમબહેન વચ્ચે પડતા તેમને પણ આ શખ્સોએ લોખંડ નો પાઈપ ઝીકી ઈજા પહોંચાડી હતી. આ બનાવ બાદ હનિફ ઉર્ફે સાકીરભાઈ ગોંડલીયા અને તેમના દીકરા સમદે અબ્દુલભાઈ ના ઘર પાસે આવીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે અબ્દુલભાઈ ઉંમરભાઈ શેખે સાહિલ હનીફ ભાઈ ગોંડલીયા, સમદ સાહિલભાઈ ગોંડલીયા, જીગર અને હનીફ ઉર્ફે સાહિલ ગોંડલીયા વિરુદ્ધ ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ઘટનાના પગલે કલેક્ટર, કમિશનર સહિતનો કાફલો બનાવ સ્થળે દોડી ગયો

# દેવુબાગમાં આવેલ પ્રમુખસ્વામી ફ્લેટના દાદરાનો ભાગ તૂટી પડતા વૃદ્ધનું મોત : તમામ ફ્લેટ તાકીદે ખાલી કરાવતું તંત્ર









### જર્જરિત ફ્લેટના રીપેરીંગ કે પુનઃનિર્માણનો નિવેડો ન આવતા અંતે વૃદ્ધનો ભોગ લીધો : સફાળા જાગેલા મ્યુ. તંત્રએ ફ્લેટને સીલ કર્યો, વીજ કનેકશન પણ કાપવા સુચના આપી દીધી







તસવીર : મૌલીક સોની

ભાવનગર તા.૨૮

ભાવનગરના દેવુબાગ વિસ્તારમાં આવેલ પ્રમુખસ્વામી ફ્લેટમાં દાદરનો જર્જરિત ભાગ તૂટી પડતા ફ્લેટમાં રહેતા વણિક વૃદ્ધનું ગંભીર ઈજા થવાથી મોત નીપજ્યું હતું. આ ફ્લેટની સ્થિતિ જર્જરીત હોવાનું વસાહતીઓએ જણાવ્યું હતું. આ બનાવથી મ્યુ. કોર્પોરેશન તંત્ર સફાળુ જાગ્યું હતું અને તાબડતોબ કાર્યવાહીના ભાગરૂપે તમામ ફ્લેટ ખાલી કરાવી અને કોમ્પ્લેક્ષને સીલ કર્યું હતું. જ્યારે વીજ કનેકશન કાપવા પીજીવીસીએલને સુચના આપી હતી.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના દેવુબાગ વિસ્તારમાં આવેલ પટણી પ્લાઝા વાળા ખાંચામાં નવજીવન સોસાયટીના પ્લોટ નં.૬૧માં આવેલ શ્રી પ્રમુખસ્વામી ફ્લેટમાં આજે દાદરાનો જર્જરીત ભાગ ધડાકા સાથે તુટી પડતા ફ્લેટનો દાદરો ઉતરી રહેલા વણિક વૃદ્ધ ભાવેશભાઈ પ્રમોદભાઈ શાહને ગંભીર ઈજા થતાં તેમને સારવાર માટે તાત્કાલિક સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું ટૂંકી સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ ઘટનામાં દાદરાની નીચે રાખેલ સ્કૂટરને પણ નુકસાન થયું હતું.

દેવુબાગ વિસ્તારમાં આવેલ આ ફ્લેટ છેલ્લા ઘણા સમયથી જર્જરીત હાલતમાં હોવાનું ફ્લેટના રહીશોએ જણાવ્યું હતું. આ કોમ્પ્લેક્ષમાં એ અને બી વિંગમાં મળીને કુલ ૩૨ ફ્લેટો આવેલા છે. ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળનું બાંધકામ ધરાવતા આ ફ્લેટ ખાલી કરવા તેમજ રીપેરીંગ કરવા બાબતે અગાઉ બેઠકો પણ થઈ હતી પરંતુ કોઈ નિવેડો ન આવતા આજે આ દુર્ઘટના સર્જાઈ હતી.

આ ઘટનાની જાણ થતાં કલેકટર આર.કે.મહેતા, મ્યુનિસિપલ કમિશનર એન.વી. ઉપાધ્યાય, ડે.કલેક્ટર ગોવાણી સહિતના અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો દેવુબાગ દોડી ગયેલ અને ફ્લેટના વસાહતીઓને ફાયર કાફલાએ નીચે ઉતારી સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.